સુધરેલી રીત મુજબ

વર્નાક્યુલર ટેક્સ્ટ બુક્સ રીવિઝન કમીટીએ

તૈયાર કરેલી

બીજી ચોપડીના અર્થ.

(જેની અંદર અર્થ; કવિતાની સમજુતી; પાઠના સવાલ તથા સાર; ભુગોળ; ડ્રિલ; જોડાક્ષર તથા અઘરા શબ્દો.)

રચનાર—મેસર્સ. સી. ડી. શાહ. એન્ડ કો.

રચનારનું ઠેકાણું—શાહપોર—સુરત.

પ્રસિદ્ધ કર્તા—C. M. Shah.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—શાહપોર—સુરત.

સને ૧૯૨૩.] [સંવત ૧૯૭૯.

છાપનાર—નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમ.

છાપવાનું ઠેકાણું—'શંકર' પ્રી. પ્રેસ ચૌટાના પુલપર—સુરત.

કિંમત ચાર આના.

મેસર્સ સી. ડી. શાહ એન્ડ કો. કૃત.

બીજી ચોપડીના અર્થ.

પાઠ ૧ લો.

મેજ=ટેબલ
સુથાર=લાકડાનું કામ
કડીઓ=જે ઈંટનું કામ કરનાર
મધમધવું=ખુશબોથી મહેક મહેક થઈ રહેવું
પવન=વાતો વાયુ
વાસ=સુગંધ; પીમળ
તળાવ=જેની ચારે બાજુ જમીન અને વચમાં પાણી હોય તે
પહાડ=મોટા ડુંગર
પાધર=ખુલ્લી જગા
ધર્મશાળા=મુસાફરોને વગર ભાડાની ઉતરવાની જગા
વટેમાર્ગુ=મુસાફર
ઓસરી=ઓટલી
અજવાળું=સુરજ દીવા વગેરેનો પ્રકાશ
ઘોર=બીક લાગે તેવુ
ઝગઝગે=પ્રકાશે
ઉજાસ=ઝાંખું અજવાળું
સરજ્યાં=બનાવ્યાં
કળાતું=સમજાતું
પાડ=ઉપકાર
ચાહ=હોંસ; સરત
ઉપકાર=પાડ; આભાર
ભક્તિ=ભજન

સાર—દરરોજ ઈશ્વરની ભક્તિ કરવી.

પાઠ ૨ જો.

કવિતાના અર્થ.

વર્ણન=હકીકત
ગવૈયા=ગાયન કરનાર
મધુર=મીઠું
પંખેરૂ=પક્ષી
ભ્રમર=ભમરો
મુલ્લાં=મુસલમાનોના નીમાજી; હોરાઓના ધર્મ ગુરૂ
તૂલ=અનાજ
અંધકાર=અંધારૂં
મુજ=મારા
પંખી=પાંખવાળા જાનવર; પક્ષી
વન=જંગલ
વહાણું વાયું=સવાર થઈ
વીતી ગઈ=પુરી થઈ
પૂર્વે=પૂર્વ દિશામાં
ઝગઝગાટ=પ્રકાશ; તેજ
ભાતભાતના=તરેહવાર
દીસે=જણાય; દેખાય
પાન=પાંદડાં; પાંતરાં
કુકડા=મરઘાં
મેના=એક જાતનું સુંદર પક્ષી
ફુટડા=રૂપાળા;શોભિતા
તેજ=પ્રકાશ
શીકું=ઝાંખું
મોઢું કાળું થયું=દેખાતા બંધ થયા એટલા સંતાઈ ગયા
ખુણા=ગલી કુંચી; છુપી જગા

ખોળે=શોધે
ભકતજનો=ભગતો
ધ્યાનધરે=આંખ મીચી
 પરમેશ્વરને જુએ
ગાન=ગાયન
દાતા=સખી; ઉદાર
દીયે=આપે
રૂડું=સારૂં; ઘણું
બાંગ= બુમ પાડીને
 નિમાજ પઢવી તે;
 નિમાજ પઢવાને માટે
 બુમ પાડવી તે
તણો=નો
ઉદય થયો=ઉગ્યો
કમળ=કમળનું ફુલ
પત્ર=પાંખડી
ખોલે=ઉઘડે; ખીલે
ઉમંગી=હોંસિલા
ભાગ=દોડે; ઉડે
ઢોર=ચોપગાં જાનવર;
 પશુ
ચારો=ખાવાનું
વેલી=વેલા

ધીમે ખીલે=ધીમે ધીમે
 ફૂટે
નહિ ભૂલ=વગર ચૂકે
તાજાં=તરતનાં ખીલેલા
ટોળે=ટોળાબંધ
વીરા=ભાઈ
મગન=ખુશી
કેરૂં=નું
ધ્યાન=ચિત્ત; મન

પાઠ ૩.

વરસ=બાર મહીના
ઋતુ=મોસમ; રત
મહીનો=ત્રીસ દિવસ
કારતક=હિંદુ વરસનો
 પહેલો મહીનો
તહેવાર=આનંદનો દિવસ
શિઆળો=ટાઢની મોસમ
ઉડાડે છે=ચગાવે છે,
ઉતરાણ=સંક્રાંત; સુરજનું
 ઉત્તર તરફ જવું તે
રત=ઋતુ; મોસમ
જાડા=ઘટ કુમાસના
હોળી=ફાગણ સુદ પુનેમ

સુદ=અજવાળીઉં; મહી-
 નાનું પહેલું પખવાડીઉં
વદ=અંધારીઉં, મહીનાનું
 બીજું પખવાડીઉં.
પખવાડીઉં=પંદર દિવસ
અમાસ=હિંદુ મહીનાનો
 છેલ્લો દિવસ; જે દિવસે
 ચંદ્ર બીલકુલ ઊગતો
 નથી તે દિવસ
વસ્ત્ર=લુગડાં
પંખા=વીંજણા
ચોમાસું=વરસાદની ઋતુ
બળેવ=રાખડી બાંધવાનો
 દિવસ; શ્રાવણ સુદ ૧૫.
 જનોઈ પહેરવાનો
 દિવસ
દશેરા=રાખડી છોડવાનો
 દિવસ; આસો સુદ ૧૦
દિવાળી=હિંદુ વરસના
 છેલ્લા મહીનાનો છેલ્લો
 દિવસ; આસો વદ
 અમાસ
પર્વ=તહેવાર

સવાલ—વરસની ઋતુ કેટલી ને તે કઈ કઈ? દરેક ઋતુ કેટલા મહીનાની અને તે મહીના કયા કયા? વરસના મહીના કેટલા? મહીનાના દિવસ કેટલા? પખવાડીઆં કેટલાં? અને તે કયા કયા? પખવાડીઆના દિવસ કેટલા? મહીનામાં પુનેમ અને અમાસ કેટલી આવે? મહીનામાં બીજી તિથિઓ કઇ કઇ આવે અને કેટલી વાર આવે? શિયાળો, ઉનાળો અને ચોમાસાને શેની મોસમ કહે છે? દરેક ઋતુમાં કયા કયા તહેવાર આવે છે અને તે કઇ તિથિએ આવે છે?

પાઠ ૪ થો.

મેળો=ઘણાં માણસો અને ગાડી ઘોડા વગેરેની ઠઠ

ગોકળઆઠમ=શ્રાવણ વદ આઠેમ; જન્માષ્ટમી.

કુકડત=ખરીવાળાં

ભાઇબંધ=દોસ્તદાર.

ઠઠ=ગીરદી; ભીડ

વખુટા=જુદા

દુકાન=માલ વેચવાનું ઠેકાણું

કંસારા=તાંબા પિત્તળના વાસણ બનાવનારા અથવા વેચનારા

તાંબું=લાલ રંગની ધાતુ

પિત્તળ=તાંબુ અને જસતની મેળવણીથી બનેલી પીળા રંગની ધાતુ

સુખડીઆ=મિઠાઇ બનાવનાર

હાટ=દુકાન

કોપરાપાક=કોપરાનો બનાવેલો પાક

મિઠાઇ=બરફી, પેંડા વગેરે.

ખડકેલી=ગોઠવેલી

ખરાદી=સિંઘાડા ઉપર ઘાટ ઉતારનાર

સામાન=ચીજો; વસ્તુઓ

પલંગ=છત્રીવાળો ઢોલ્યો

પારણું=હીંડોળા જેવું ઘોડીઉં

કોચ=બે બાજુએ તકીઆવાળો પલંગ

કાપડીઆ=ગાપડ વેચનાર

સુતરાઉ=સુતરનું બનાવેલું

ઊનનું=ઘેટાના વાળનું

રેશમી=રેશમનું બનાવેલું

શણ=એક જાતનો છોડ એની છાલનાં દોરડાં તથા કપડાં બને છે.

સરૈયા=અત્તર, ગુલાબજળ, ધુપેલ વગેરે

વેચનાર.
બહેકબહેક=મઘમઘ
લીલો મેવો=તાજાં પાકાં ફળ.
દ્રાક્ષ=દરાખ
ચોગાન=ખુલ્લું મેદાન
મદારી=ખેલ કરનાર
ખેલ=રમત.
સિપાઈ=ચોકીદાર
સવારો=ઘોડે બેસી ફરનાર સિપાઈ
ફુદડી=ચક્કર

સવાલ—ગોકળઆઠમના મેળામાં શું શું જોયું?

પાઠ ૫ મો.

નઠારી=ખરાબ.
સોબત=સંગત.
પટેલ=ગામનો ઉપરી
વાડી=ફૂલ ફળનાં ઝાડ છોડવાળી જગા
મઝા=ગમત.
શેખી=પતરાજી
પારકાં=પરાયાં; બીજાં.
માને=કબુલ કરે
આખરે=અંતે; છેલ્લે
ઝાંપો=કાંટાનો દરવાજો
આઘે=દૂર
ખાસાં=સારાં; મજાનાં
નિશાન=એધાણ
તાકીને=ધારીને
લૂમ=ઝુમખો
તૂટી પડે=નીચે પડે
ઘાટ=ઇલાજ; ઉપાય
રાસ=દોરડું
ઢગલેઢગલા=ઘણાંજ.
દોસ્ત=ભાઈબંધ
ફક્કડ=સારા
પછવાડે=પાછળથી
રખેવાળ=સાચવનાર
સજ્જડ=જોરથી
ઝપાટો=સપાટો
થડ=ઝાડનો વચલો ગોળ ભાગ
અથડાયું=અફળાયું
ચકરી=તમ્મર
છુંદાઈ=કચડાઈ
લોહીલોહાણ=લોહીથી ખરડાએલું
વાડીવાળો=વાડીનો માલીક
લપડાકો=તમાચા
જીવલઈને નાઠો=ખૂબ દોડયો
ફરીને=પાછળ
ઢોલો=થપ્પડો.
ફળ=ફાયદો; લાભ

કવિતાના અર્થ.

અસર=લાગણી
સંગ=સોબત; સંગત
રંગ=અસર; પાસ
પ્રેમ=પ્યાર
ઠામ=ઠેકાણું
ઠરશે=ઉભો રહેશે
બુરો=નઠારો; ખરાબ
મે'તા=મહેતાજી
ભાગ્યશાળી=નસીબદાર
વિદ્યા=ઇલમ; ભણતર; હુન્નર

સાર—નઠારી સોબતથી તેની નઠારી અસર આપણાપર થાય છે માટે નઠારા માણસની સોબત કરવી નહિ પણ સારા માણસની કરવી.

પાઠ ૬ ઠ્ઠો.

રખડેલ=રખડતો.
ખાતાં પીતાં હતાં=પૈસે ટકે સુખી હતાં
વગે=ડુંમરે
પાર રહ્યો જ નહિ=ઘણો જ થયો
વધાઈ=વધામણી; ખુશખબર
ઓવારણાં=દુખડાં
ફોઇ પગલું=ફોઇના તરફથી જે પગલું બાંધવામાં આવે છે તે
ભેટ=ઇનામ
લાડીલો=લાડમાં ઉછરેલો લાડકવાયો
કુટેવ=નઠારી આદત; ખરાબ ટેવ
પોળ=મોટી ખડકી
અટકચાળાં=અડપલાં; કોઇને ખોટું લાગે એવું કર્યા કરવું તે
લડાઇ=વઢવાડ
ઇલાજ=ઉપાય
વંઠી જશે=બગડી જશે
સીધું ચાલવું=તોફાન મસ્તી ન કરવી
બહાને=નામે
ચૌટું=જ્યાં ચાર રસ્તા ભેગા થતા હોય તેવો બજાર
રઝળતો=રખડતો
ટોળું=જથ્થો
મસ્તી=તોફાન
લાતાલાતી=લાતબાજી
લાત=પાછલો પગ મારવો તે
ઉતરી ગયો=સાંધામાંથી ખસી ગયો
ભેંકડો તાણતો હતો=મોટે સાદે રાગ કાઢી રડતો હતો
હાડવૈદ=ઉતરેલું હાડકું બરાબર બેસાડનાર વૈદ
લેપ=મરડ
ઓસડ વેસડ=દવા ને તેના ઉપાય
વલે=દશા; ભુંડા હાલ
ખો=આદત; ખરાબ ટેવ
શિખામણ=ફાયદાની વાત; બોધ
સુધરી ગયો=કુટેવ છોડી દીધી

સાર—નિશાળનું નામ દઇ રસ્તામાં રઝળવું નહિ, અને નઠારાની સોબત કરવી નહિ.

પાઠ ૭ મો.

[illegible]=પોતાની મરજી પ્રમાણે ચાલનાર; જીદ્દી
વાછરડાં=ગાયનાં બચ્ચાં
લવારાં=બકરીનાં બચ્ચાં
પાડાં=ભેંસનાં બચ્ચાં

ગાડરાં=ઘેટાનાં બચ્ચાં
ચારો=ઘાસ
નીરતો=નાખતો
ખાંધે=ખભે
ખેતર=અનાજ પાકે તે જગો
ઝોક=બકરાં ઘેટાં રાખવાનો વાડો
છાંયે=શીળે; છાંયડે
વાંસળી=વાંસની બનાવેલી વગાડવાની નળી
પાવો=પીહવો; સિસોટી
હૂંફ=ગરમી
જતન=રક્ષણ; સંભાળ
રબારી=ઢોર ચરાવનાર
ઊચી ગઇ=ઊડી ગઇ; દૂધ દેતી બંધ થઇ
જાળવતો=સાચવતો
વિખાય=જણે
ધણી=માલિક
સાચવણ=સંભાળ
તકરાર=લડવાડ; રકઝક
શિકારી=શિકાર કરનાર
અજાણ્યું=ઓળખાણ વગરનું
મોજ=મજા; આનંદ
અભાગીઉં=કમનસીબ

પાઠ ૮ મો.

ગોંધતો=પુરી રાખતો
ચેન=સુખ; મજા
બંધીખાનું=કેદખાનું
ચાંદની=ચંદ્રનું અજવાળું
ખેલવું=રમવું
ઠરેલ=ડાહી
નાદાન=સમજણ વગરનું
સંભાળ=અરદાસ
સપડાઇ પડશે=હેરાન થશે; પકડાશે
જક=જીદ; હઠ
લાગ=દાવ; તક
સટકી ગયું=છાનું માનું નાસી ગયું.
ઠેકવા=કુદકા મારવા
પાદર=ગામના ઝાંપા બહારની જગા
વગડો=જંગલ
કોતર=ગુફા; બખોલ
તરાપ=કુદકો; ફાળ
બોડ=ગુફા; બખોલ
કમોતે=વગર મોતે

સાર—માબાપ મહેતાજી વગેરે કોઇ સારી શિખામણ આપે તે મુજબ ચાલવું. હઠ કરવી નહિ.

પાઠ ૯ મો.

રિસાળ=રિસાઇ જાય તેવો
સહેજ સહેજમાં=જરા જરામાં
રીસ=ગુસ્સો; મિજાજ
છેડો=પાર
ભાગ્યે=કદાચ
આડોશી પાડોશી=આસપાસના ઘરના રહેનાર
ભાઇભાંડુ=સગાંવહાલાં
જમણ=જમવાનું
ચીસ=બીકથી બૂમ પાડવી તે
ટેવ=આદત

નકામો=અમથો
ઢોંગ=ફેલ
વેદના=દુઃખ
મુદ્દલ=બીલકુલ; જરાપણ
પસ્તાયો=દીલગીર થયો
નડે છે=હેરાન કરે છે

સાર—જરા જરા વારમાં રિસાઇ જવું નહિ.

પાઠ ૧૦ મો.

કવિતાના અર્થ.

જાળ=કરોળીઆનું પડ; જાળું; ફાંદો
ફરી ફરીને=વાર વાર
વિશે=બાબત
વણ=વગર
તૂટેલે=તૂટી ગએલે
તાતણે=તારે
મહેનત શરૂ કરી=મહેનત કરવા માંડી
માટ=માટે
ફાવ્યો=પાર પડ્યો
ઘાટ=ઉપાય; રીત
ભીડ્યો=હોંસથી મંડ્યો રહ્યો
ધીરજ=સબુરી
નીરધાર=નક્કી
ખંત=ચેટક; કાળજી
યત્ન=મહેનત
ચગદાઇ=ચુંદાઇ; દબાઇ
તળે=નીચે
મોત=મરણ
તજી=છોડી
અનંત=ઘણોજ
લાજ=કાયદો
પામે=મળે

પાઠ ૧૧ મો.

ચકભિલ્લુ=એક જાતની રમત
કચ્છ=કાછડો; કચ્છો
ગઢ=કિલ્લો
સાથી=સોબતી
ભિલ્લુ=સાથી
વડો=મોટો
સરદાર=ઉપરી
ઘૂમી રહ્યા=આમથી તેમ ફરી રહ્યા
દાવ=લાગ
પેંતરા=ડગલાં; પગલાં
નજર ફેંકતા=જોઇ
પૂર જોસથી=ઘણા જોરથી
ભૂલચાપ=ભુલાવો
શાબાશ=ધન્ય
દાવ=રમતનો વારો

સાર—શરીરની સાથે મન કેળવાય એવી રમતો રમવી.

પાઠ ૧૨ મો.

દઢ મનવાળો=પાકા વિચારવાળો
ગેડીદડા=દડો અને તેને ફેંકવાની લાકડી
ડગલું=પગલું
રંગ જામ્યા=મજા આવી
પછી તો ધૂળ=પછી કંઇ મઝા પડવાની નથી.
વચન=બોલ
ખાતરી=ભરોસો
સુનું=વસ્તી વગરનું
માં ફેરવી=મો ચઢાવી
પીડા=સંતાપ; દુઃખ

મન ડગવા દીધું નહિ=મરજી મુજબ કર્યું નહિ	કુટુંબ=વંશ; ઓલાદ	બપકાદાર=રોપવાળા
પાઠ ૧૩ મો.	છંછેડે=હરકત કરે	કોરીને=કાણાં પાડીને
મધમાખી=મધ બનાવનારી માખી	પીઠ=વાંસો	દુભવો=મન દુઃખી કરો
	ધાટ=શરીરનો આકાર	નુકસાન=બગાડ
	સોહામણી=શોભિતી	સ્વાદે=સહેજતથી
		નવાઈ=અચરજ

સાર—કોઈનું ભલું કરીએ તો આપણું ભલું થાય, અને કોઈનું બુરૂં કરીએ તો આપણું બુરૂં થાય.

પાઠ ૧૪ મો.	થયો	વાંક=ગુનો; તકસીર
મોસાળ=માના બાપનું ઘર	અંગેઠી=પોંક પાડવાની ભઠ્ઠી	સાજુ=આખું
આંખ ટાઢી થઈ=સંતોષ	ઉલટભેર=હોંસથી	ઉતાવળ=ઝડપ
		ઠેસ=ઠોકર

સાર—(૧) કોઈપણ કામ ઉતાવળથી કરવું નહિ. (૨) જેવું આપણું સમજવું તેવું સામાનું સમજવું.

પાઠ ૧૫ મો.	પજવે=દુઃખ દે	લાજ=આબરૂ
ઢીંગલી=નાની પુતળી	ફુટી બદામ=ખોટીબદામ; ઘણીજ નજીવી કિંમત	ઘટે=ઓછી થાય
તકતો=આરસો	સહીયરો=બેનપણીઓ	નિંદે=ખોટું ખોટું બોલે
ઝૂટ=એકદમ ઝડપ મારી લઈ લેવું તે	કટ્ટા=એકબીજાની સાથે બોલવું કે રમવું નહિતે	બળવંતા=જોરાવર
સરી પડયો=સરકી ગયો	**કવિતાના અર્થ**	સદા=હંમેશાં
બરડ=ઝટ ભાંગી જાય એવા	આપણુ=આપણે	લેશ=જરાપણ
પછાડીએ=અફાળીએ	સુખચેન=મઝા	કલેશ=કંકાસ
ખેંચતાણ=ખેંચાખેંચી	શોક=દીલગીર	કોય=કોઈ
કાયર=હેરાન		**પાઠ ૧૬ મો.**
		રામચંદ્રજી=અયોધ્યામાં

એ નામના રાજા થઈ ગયા તે, (લોકો તેમને પરમેશ્વરનો અવતાર માને છે)
ઇચ્છા=મરજી
ગભરાટ=ગભરામણ
છેવટે=આખરે
ફેરવવા=બદલવા
ફાંફાં=મોટી મહેનત
ગણકાર્યું=માન્યું
ડસકાં=રડતાં રડતાં આચકા ખાવા તે
રોણું=રડવાનું તોફાન
ખીજવાયા=ગુસ્સે થયા
ગોદ=ખોળો
જંત્ર=માદળીઆમાં ઘાલવાનો મંત્રનો કાગળ
માદળીઉં=તાવીજ
ધીર=ધીરજવાળાં
છાનાં=મુંગા
પ્રધાન=વજીર
દર્પણ=આરસી
દશરથ=રામચંદ્રના બાપ
મહારાજા=મોટા રાજા
શ્રી=સારા; શોભાયમાન

સાર—અક્કલ વાપરી યુક્તિથી કામ કરવું.

પાઠ ૧૭ મો.

વગર વિચાર્યું=વિચાર વગરનું
જોડું=ધણીધણિઆણી
કચરો પુંજો=કચરો વગેરે
પરવારી=નવરી થઇ
કથા=ઇશ્વર સંબંધી વાત
મળતું=પેદાશ થતી
ગુજરાન=ગુજારો
છોકરાંછૈયાં=છોકરાં છોકરી
પેટે=પોતાને
ઓછું આવતું=દીલગીર થતી
પાપ=ખોટાં કામ
આધાર=આશરો; બરોસો
સારૂં=ભલું, કલ્યાણ
આંગણું=બારણા આગળની જગો
તરફડતું=તરફડીઆં મારતું
દયા=રહેમ
ઉછેરીને=મોટું કરીને
જન્મ થયો=અવતર્યો
લોહીઆળું=લોહીવાળું
ગુસ્સો=રીસ
બેડું=ગાગર ને ઘડો
કકડા=ટુકડા
ભાગીતુટી=સમજાય નહિ તેવી
બોલી=બોલ
મૂર્ખ=બેવકુફ
પાપી=ચંડાળ; દુષ્ટ
અભાગણી=કમનસીબ
પુત્ર=છોકરો
જીવ=પ્રાણ
વળે=કામ આવે
જાન=જીવ

પાઠ ૧૮ મો.

સંદેશો=ખબર
ખોડંગતો=લંગડાતો
દુખી=હેરાન
મદદ=આશરો
હુંફાળું=ગરમ
પરાળ=ભાતનું ઘાસ
છાપું=ચાલતા વખતની ખબરના છાપેલો કાગળ
છાપખાનાવાળા=છાપખાનાનો માલીક
ગોઠવણ=બંદોબસ્ત
ગાર્ડ=સંભાળ રાખનાર
સરનામું=ઠેકાણું
સ્ટેશન=આગગાડી ઉભી રાખવાનું મુકરર ઠેકાણું
ખડખડાટ=અવાજ
સિસોટી=પીસવો
ડરતો=બીનો
પંપાળી=હાથ ફેરવી
ડર=બીક
નજીક=પાસે; સોડે
ઠરાવ=કરાર; થયેલી વાત
ઝપાટાબંધ=દોડતો
ખબરદાર=હોશિયાર
આઠ કલાકમાં ૧૫ મિનિટ બાકી=૭॥ વાગે

સાર—(૧) દુઃખી પ્રાણીપર દયા રાખવી. (૨) જનાવરોને કેળવવાથી તેઓ માણસ જેવું કામ કરી શકે છે.

પાઠ ૧૯ મો.

રીતસર=નિયમસર
વારો=દાવ; વખત
તોફાની=મસ્તીખોર
ખસેડી=આઘો કરી
માથું મારી=હિંમત કરી
કોણી=હાથને વાળવાનો વચલો સાંધો.
ઢીમણું=ઢીમું
છાતીવાળો=હિંમતવાન
ધરાયો=તરપત થયો
હડસેલી=ધક્કો મારી
વેગળા=દૂર
બઝાડી=વળગાડી
પેટભરી=જોઈએ તેટલા

સાર—૧) ગરીબ માણસને મદદ કરવી. ૨) ઇશ્વરે આપણને બળ આપ્યું હોય તો તે ગરીબ માણસને મદદ કરવામાં વાપરવું.

પાઠ ૨૦.

ખલીફા=વારસ થનાર
પાદશાહ=મુસલમાન રાજા
દરબાર=રાજકચેરી
દેખાવડો=રૂપાળો
સુબો=સુબેદાર; સરદાર
નીમણુક=ગોઠવણ
હુકમ=આજ્ઞા
ખાસ=જુદો; ખાનગી
શાહજાદો=પાદશાહનો દીકરો
શાહજાદી=પાદશાહની દીકરી
ચીતરામણ=ચિત્ર

તહેનાતમાં=ખીજમતમાં; હજુરમાં
છોકરવાદી=નાદાની
કારણ=સબબ; મતલબ
નામદાર=પ્રખ્યાત; નામીચો
ફરમાવશો=હુકમ કરશો
સમજુતી=સમજણ
મોંએ ચઢેલો=વધારે ઓળખવાને લીધે મરજીમાં આવે તેમ બોલનાર
અરજ=વિનંતી
ફરજંદો=બચ્ચાં; છોકરાં
લાડ=વહાલ
અલ્લા=ખુદા; પરમેશ્વર
ગુનો=વાંક; તકસીર
માફ=ક્ષમા
દીલ=મન
દીલગીરી=નાખુશી
ઓદ્ધા=હકુમત
નીમ્યો=નીમણુક કરી
કઠણ હૈયાનો=દયા વગરનો
રદ કરવું=ફેરવી નાખવું
આરબ=અરબસ્તાનનો રહેવાસી.

સાર—માણસની રીતભાત ઉપરથી તેના ગુણની પરીક્ષા થાય છે.

પાઠ ૨૧

આંધળો=જેને બે આંખે દેખાય નહિ તે
લંગડો=લુલો
ઢેકાઢળીઆ=ખાડા ટેકરા
માળા=પક્ષીનાં ઘર
આસપાસ=બાજુબાજુ
કોહલાં=ફાડી ખાનારાં જાનવર
વાઘ=ફાડી ખાનારૂં ચટાપટાવાળું જાનવર
વરૂ=કુતરા જેવું ફાડી ખાનારૂં જનાવર
ખોંખારો=અવાજ
આડે=અવળે
દુવા=આશિષ; આશીર્વાદ
ધોરી=મોટો; સરિયામ

સાર—એકબીજાને મદદ કરવી.

પાઠ ૨૨.

પડછાયો=ઓળો
ભાગોળ=દરવાજા; દરવાજા પાસેનો બજાર
ભાગ=હિસ્સો
પાર=કિનારો
નદી=મીઠા પાણીનો રેલો પર્વત અથવા સરોવરમાંથી નીકળી ઢળતી જગામાં થઇ બીજી નદી કે સમુદ્રને મળે છે તે
કુદકો=છલંગ
પૂલ=નદીપરથી જવાને બાંધેલો રસ્તો
થાક=વિસામો; આરામ
અદેખો=બીજાનું સારૂં જોઇ બળે એવો.

લોભી=લાલચુ
તરાપ=કુદકો; છલંગ
ખોળ=શોધ; તપાસ
ખોળ=શોધ; તપાસ
પડાવી=ખુંચવી; છીનવી
દાનત બગાડી=પડાવી લેવાની ઇચ્છા કરી
ગુમાવ્યું=ખોયું
તાકે=ધારે; વિચારે

સાર—લોભ કરવો નહિ.

પાઠ ૨૩.

ખરીદ કર્યું=વેચાતું લીધું
સંદેહ=વહેમ; શક
હડખવા=કુતરા કોહલાં વગેરેને એક જાતનો રોગ થાય છે તે
દરકાર=પરવા
ઠાવકું=ડાહ્યું
બચકું=ડાકું
ખામી=કસુર
છુટું મૂકી દીધું=છોડી દીધું
અભડાયો=અડકાયો
ભરોસો=વિશ્વાસ

સાર—આપણી આંખે ખરું દેખાયા છતાં બીજા પર ભરોસો રાખી ચાલવું નહિ.

પાઠ ૨૪.

લખોટો=મંજો
છાનોમાનો=ગુપચુપ
બગાડયું=ખરાબ કર્યું
ચોરી=છાની રીતે બીજાની વસ્તુ લઇ લેવી તે
વિના=વગર
સજા=શિક્ષા
ભૂલાશ=વીસરીશ
ચોર=છાની રીતે બીજાની વસ્તુ લેનાર

સાર—ચોરી કરવી નહિ.

પાઠ ૨૫.

કવિતાના અર્થ.

કુહાડી=લાકડા ફાડવાનું હથિયાર
ભાયડો=મરદ
શાણો=ડાહ્યો
બહાદુર=જોરાવર
ધાવ=ધા
ભાળે=જુએ
નીર=પાણી; જળ
તાંહી=ત્યાં
નિહાળ્યું=જોયું
માંહી=અંદર; માં
ડર્યો=બીધો
ઝૂલતાં ને સમાતાં=પાણીમાં આમ તેમ ડોલ્યા કરતા અને તેની અંદર સમાઇ જતા
સુણી=સાંભળી
સાદ=અવાજ

બલાં=દયાળુ
દેવી માતા=દેવી
વદે=બોલે
માથું હલાવી=ડોકું ધુણાવી; ના કહી
સંપત=દોલત
મહેર=મહેરબાની; દયા
જગનાથ=જગનો ધણી; પરમેશ્વર

પાઠ ૨૬ મો.

ભરપૂર=ભરેલો
પૈસેટકે ખાલી=ગરીબ; પૈસા વગરનો
હાલત=દશા
ખૂટી ગયું=ઓછું થયું
ખુબસુરત=દેખાવડો
હેત=પ્યાર
દેશાવર=પરદેશ
કપરા=અઘરા; સખત
લાચાર=નાચાર; ઇલાજ વગરનો
મૂલ=કિંમત
મુકામે=ઘેર
હૈયું ભરાઇ આવ્યું=રડવું આવ્યું
પંપાળતા=હાથ ફેરવતા
અરદાસ=ચાકરી
પરવડે=ભોગે; પાલવે

સાર—દરેક માણસે પોતાના પાળેલા પ્રાણીપર ઘણોજ પ્યાર રાખવો અને જરાપણ દુ:ખ દેવું નહિ.

પાઠ ૨૭ મો.

ઝરો=પાણીનો વહેળો
ભરાવ=દેખાવ
આંખ=નજર
નારાજ=નાખુશ
બબડવું=હોઠ હલાવી મનમાં બોલવું
લજવ્યું=શરમાવ્યું
શરીર=ડીલ
લલકારવું=લલકારથી બોલવું
ચમકી=ચોંકી
પારધી=શિકારી
કેડો=પૂંઠ
વટાવી=ઓળંગી
વખોડતું=ધિક્કારતું
મોહી પડયું હતું=રાજી થયું હતું
ફસાવી દીધું=દુ:ખમાં નાખ્યું

સાર—કોઇપણ ચીજને વગર વિચારે વખોડવી કે વખાણવી નહિ.

પાઠ ૨૮ મો.

શિયાળ=શિયાળવાં
શહેર=જેમાં ટોળબંધ ને હારબંધ ઘરો હોય અને સારાં સારાં બજારો હોય તે.
બચકાં=ડાચાં
રંગરેજ=રંગારો
જરદી=પીળો
પાસ=અસર
આંગણે=બારણે
કોઠ=પેઢી; લુહાર જે જગોએ બેસી ઘાટ ઘડે તે જગા
ભઠ્ઠું=મોટો ચુલો
ધમધમતા=ઘણાજ ઊના
નકલ=બીજાનું જોઇને કરવું તે; કોપી

સાર—કોઇની ખોટી નકલ કરવી નહિ.

પાઠ ૨૯.	ટાંકણે=ટાણું; અવસરે	તથી
વરો=જમણવાર; ન્યાત	મેળાપ=મુલાકાત	ખપ=જરૂર
ઘી=તાવેલું માખણ	ચડભડા=લડી	રંક=ગરીબ
પીયર=બૈરીના બાપનું	રડયું ખડયું=જવલ્લે	બારેખમ=બારબોજ
ઘર	શેખવે=ગણે	વાળા
મણ=૪૦ શેર	મોંઘે ભાવે=ઘણી કિંમ	માન=આબરૂ; ઇજ્જત

સાર—બારેખમ થઇ ખુણે બેસી રહીએ. તે કરતાં બહાર પડી બધાના ઉપયોગમાં આવવું સારૂં છે, એમ કરવાથી વગર માગે માન મળે છે.

પાઠ ૩૦.	તરાપ=છલંગ	નોબત
કુંવર=રાજાનો છોકરો	ઠેકાવી=ઠેકડો મરાવી	નિશાન=ધજા; વાવટા
બાપકમાઈ=બાપની કમાઇ	સેના=લશ્કર	દુશમન=શત્રુ
ખાનાર	ઉપરી=સરદાર	ફોજ=લશ્કર
આપકમાઈ=પોતાની	હિંમત=હામ	તક=દાવ
કમાઇ ખાનાર	લુણ=મીઠું	સરદારી=ઉપરીપણું
રાજપાટ=રાજગાદી	ફતેહ=જીત	નાસભાગ=નાસાનાસ
તીર્થ=પવિત્ર જગો	પ્રાર્થના=માગણી	
ધન=દોલત	તડંગધુમ=ડંકો વગાડતા	કુંવરી=રાજાની છોકરી
ભાભી=ભાઇની વહુ	તેમાંથી નીકળતો	બહાદુરી=હોશિયારી
વતન=જન્મભૂમિ	અવાજ	વરમાળ=વરને કન્યા જે
ઓચીંતુ=એકદમ	ડંકો=લડાઇનું વાજીંત્ર;	માળા પહેરાવે છે તે

સાર—જાતે પેદા કરી ખાવાની ઇચ્છા રાખવી.

પાઠ ૩૧ મો.

દેડકો=ચોપગું પ્રાણી પાણી તથા જમીનપર રહેનારા પ્રાણી
શ્વાસચારો=શ્વાસ વગેરે
લહેર=સપાટો
તડુકતો તડુકતો=ઠહુ-કાતી ચાલ ચાલતો
ખાબોચીઉં=પાણી ભરાયલો નાનો ખાડો
જીવ=પ્રાણ
ચઢાઉ=ક્રોધ વખાણ કરે તેમ ફૂલે એવી
ફુલાવી=મોટું કરી
બેટા=દીકરા
બોલ=શબ્દ
મગનું=જીદ: હઠ
ગજા=શક્તિ
ઉપરાંત=વધારે

સાર—ગજા ઉપરાંત કામ કરે તો મરે, નહિ તો માંદો થાય માટે ગજા ઉપરાંત કામ કરવું નહિ.

પાઠ ૩૨ મો.

ભિખારી=ભીખ માગનાર
તળાવડી=નાનું તળાવ
ખપશી=ખસી; સરી
ધ્રૂજતો=કાંપતો; થર-થરતો
ખાદી=એક જાતનું જાડું લુગડું; દોટી
વાત=વાગત
મલમલ=એક જાતનું ઝીણું સુતરાઉ કપડું
બફારો=પસીનો
સાહુકાર=રૂપીઆ ધીર-વાનો ધંધો કરનાર
જેમ તેમ=ગમે તેમ
બેદરકાર=બેપરવા; ગરજ વગરનો
કસ=કેંસ
જાતે=પોતે

સાર—કપડાં મેલાં પહેરવાં નહિ, એટલુંજ નહિ પણ તે ગમે તેમ પહેરવાં નહિ.

પાઠ ૩૩ મો.

બ્રાહ્મણ=હિંદુની ઉંચી જાત
ગણેલા=અનુભવ મેળવેલા
સારો=લાયક
ધંધો રોજગાર=વેપાર વણજ
જડતો=સૂઝતો; માલમ પડતો
દેશાવર=પરદેશ
દોરીને=હાંકીને
સ્ત્રી=બૈરી
પગલાં=પગનાં તળીઆં-નો આકાર
અંગુઠીઆ=પગને અં-ગુઠે પહેરવાનું ઘરેણું
જોટવા=પગને અંગુઠે તથા તેની જોડેની આંગળીએ પહેરવાનું રૂપાનું ઘરેણું
નિશાની=એંધાણી
વહેળો=નાની નદી

શેલો=શીલા; પથ્થર
ધોબી=લુગડાં ધોવાનો ધંધો કરનાર
ધોબણુ=ધોબીની બાયડી
રાજમારગ=મોટો રસ્તો
ઢુંકડું=પાસે; નજીક
છેક નજીક=ઘણું પાસે
ખંતીલા=કાળજીવાળા
મેળવ્યા=પેદા કીધા

સાર–ધ્યાન રાખી જોવાની અને તે ઉપર વિચાર કરવાની ટેવ રાખવી.

પાઠ ૩૪ મો.

કવિતાના અર્થ.

મહીમા=મોટાઇ
જગપતિ=જગતનો ધણી; પરમેશ્વર
જગ=દુનિયા
રચી=બનાવી
રચાના=બનાવટ; ગોઠવણુ
નવરંગી=તરેહ તરેહના રંગના
તરુપાન=ઝાડનાં પાદડાં
પા'ડ=પહાડ
કરાડ=કરાડા; ગુફા
સિંધુ=દરીઓ; સમુદ્ર
સરિતા=નદી
ઘાટ=પહાડ ઉપર ચઢવા ઉતરવાનો રસ્તો; ઓવારા
રળિઆમણી=શોભિતી
વાટ=રસ્તો
શીતળ=ઠંડો
સાર=સારી
સૂર્ય=સુરજ
વરસાદ=મેહ
ઝૂલતાં=લટકતાં
મધુર=કાનને સારૂં લાગે એવું; મીઠું
નાદ=અવાજ; સાદ
કળા=તેજ; અજવાળું
રંગ=શોભા
મેદાન=ખુલ્લી લાંબી પહોળી જગા
તરતાં=પાણી ઉપર રહેતાં
મહીં=માં
આંખડી=આંખ
ચાવણુ=ખાવાનું; ખોરાક
સાથ=સાથે
કળા=હીકમત; યુક્તિ
કળી શકાય નહિ=સમજી શકાય નહિ.
સરજી=પેદા કરી
સરજનહાર=પેદા કરનાર; પરમેશ્વર

પાઠ ૩૫ મો.

કવિતાના અર્થ.

વિશાળ=મોટાં ડાળાં પાંખડાં ખુબ ફેલાએલો હોય એવો
છજેલ=છવાઇ રહેલી
તંબુ=કપડાનું ઘર
તાડ=સૌથી ઉંચું ઝાડ
કેળ=કેળાનું ઝાડ
પલ્લવ=પાંદડાં
વનસ્પતિ=ઝાડ; છોડ વેલા વગેરે
ધરી=પહેરી
સ્હોય=શોભે
કોયલ=કાળા રંગનું મધુર રાગનું પક્ષી
ક્લોલ=મજા; ખુશી
તીતર=તીણા રાગનું પક્ષી
વિશેષ=વધારે
બેશ=સરસ; સારી રીતે

કેસુડો=ખાખરના ફુલનો
ધોળીને=પાણી જેવો કરીને; હલાવીને
ફુવારા=પાણી ઉંચું ઉરાડવા માટે બનાવેલો ઘાટ
નવરંગ=તરેહ તરેહના રંગ
અપાર=ઘણું જ
મોર=આંબાના ફુલ
કોર=બાજુ
ચાંદની=ચંદ્રમાનું અજવાળું

પાઠ ૩૬ મો.

ટેકરો=નાનો ડુંગર
ઓળો=પડછાયો
પીઠ=વાંસો
પશ્ચિમ=આથમણી; સુરજ જે દિશામાં આથમે છે તે
ઉત્તર દિશા=પૂર્વ દિશા તરફ મોં કરી ઉભા રહેતા જેણી તરફ ડાબો હાથ આવે તે.
દક્ષિણ દિશા=પૂર્વ દિશા તરફ મોં કરી, ઉભા રહીએ તો જમણા હાથ તરફ જે દિશા આવે તે.
ધ્રુવ=ઉત્તર દિશામાં આકાશમાં જે તારો એકની એકજ જગાએ ઝીણો ઊગતો દેખાય છે તે. એ તારાને ધ્રુવનો તારો કહે છે.

સવાલ—પૂર્વ અને પશ્ચિમ દિશા શી રીતે ઓળખવી? પડછાયો સુરજથી કઇ દિશામાં હોય? લાંબામાં લાંબો અને ટુંકામાં ટુંકો પડછાયો ક્યારે હોય? ઉત્તર દિશા શી રીતે જાણવી? દહાડે દિશાઓ શા શા ઉપરથી જાણી શકાય? રાત્રે દિશા શા ઉપરથી જાણી શકાય? સામ.સામી દિશાઓ ગણાવો.

પાઠ ૩૭ મો.

બેસતું વરસ=કારતક સુદ ૧
દાંડી=પંખાની હાથમાં પકડવાની લાકડી
માપ=અંતર
મથાળે=ટોચે
ફુટ=બાર ઈંચ; અડધો ગજ
લંબાઈ=લાંબાપણું
પહોળાઈ=પહોળાપણું
ઈંચ=તસુ; સવાકા જેટલી જગા.
મધ્યમાં=વચમાં
પગથીઉં=નાની આસરી
થોર=થુવેરીઆ
કરા=ભીંત; દિવાલ

સવાલ—નકશામાં ઉત્તર દિશા ક્યાં હોય છે? ઉત્તરની સામેની કઇ દિશા? પૂર્વ ને પશ્ચિમ દિશા શી રીતે ઓળખવી? નિશાળનો નકશો શી રીતે કાઢવો?

પાઠ ૩૮ મો.

ધોરી=સરિયામ
આગગાડી=વરાળથી ચાલતી ગાડી
નિશાન=એંધાણ
સમજ=સમજણ; ભાન
ખેતર=અનાજ; ઘાસ પાકે છે તે જગા
ગોચર=ગાયોને ચરવાની જમીન

સવાલ—રસ્તો બતાવવાને એવડી લીટી શા માટે દોરવી? નદી કેણી તરફ વહે?

પાઠ ૩૯ મો.

વગડામાં=ઉજ્જડ જગામાં
પોપડો=ઢોરને ચરવાની જગા; ચરો; બીડ
આંબાવાડી=આંબાનાં ઝાડ ઘણાં હોય એવી વાડી
નિચાણમાં=ઢળતી જગામાં
ઢાળ=ઢોળાવ
દહેરૂં=દેવળ
કાંઠે=કિનારે
ભાઠું=કાંઠાપરની ખેડવા લાયક જગા
વહેણ=રેલો
ચાલાક=ચંચળ
પાર=કાંઠો, કિનારો
પાળ=કોરણ
ડાંગર=ભાત
મસ=ઘણું
ઇશાન=ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચેનો ખુણો
નજરે પડયા=દેખાયા
સુગમ=સહેલું

સવાલ—પવન કઇ દિશા તરફ વાતો હતો તે શા ઉપરથી કહ્યું? ટાઢો પવન લાગવાનું કારણ શું? તળાવ કોને કહેવું? નદીને કેટલા કાંઠા હોય અને તે કયા કયા? જમણો અને ડાબો કાંઠો શી રીતે જાણી શકાય? નદી શા શા કામમાં આવે? ખુણા કેટલા છે અને તે કયા કયા? કઇ કઇ દિશાઓની વચ્ચે ખુણા હોય નહિ?

પાઠ ૪૦ મો.

વાળુ=રાતનું જમવાનું
ગમ્યું=ગોઠવ્યું.
ચોરો=સરકારી ઉતારાનું મકાન
મુખી=ગામનો ઉપરી; ગામનો બંદોબસ્ત રાખનાર પટેલ
ગંધ=ખરાબ વાસ
બંદોબસ્ત=ગોઠવણ
હવાલદાર=પટેલના તાબાનોના સિપાઇ
મામલતદાર=તાલુકાનો ઉપરી અમલદાર; પટેલ તલાટીનો ઉપરી
ભરણું=પટેલ તલાટીએ ખેડુત પાસેથી સરકારી માગતા રૂપીઆ લઇ

એકઠા કર્યા હોય તે
તલાટી=ગામની વસુલાત ઉઘરાવનાર
રાવણીઓ=વરતણીઓ
તાલુકો=ઘણાં ગામ
મળીને થએલો તે
તાલુકે=મુખ્ય કચેરીએ
હુંડી=રૂપીઆ મળવાનો કાગળ; મનીઓર્ડર
માસ્તર સાહેબ=પોસ્ટ માસ્તર
ટપાલી=કાગળ વહેંનાર
ગેરહાજર=હાજર નહિ તે
માંદો=બિમાર
દાકતર=અંગ્રેજી દવા જાણનાર

સવાલ—ચોરો એટલે શું ? મુખી, તલાટી, પોસ્ટ માસ્તર એ દરેકનાં કામ સમજાવો.

પાઠ ૪૧ મો.

સોનેરી=સોનાના રંગ જેવો; પીળો
અંગારા=સળગતા કોયલા
ચળકતો=ઝળકતો
દાતણપાણી=દાંત સાફ કરવા તથા મોઢું ધોવું તે.
ધંધો=રોજગાર, વેપાર
ખેડુત=ખેતીનું કામ કરનાર
હળ=જમીન ખેડવાનું ઓજાર
ઝાડીને=ઝપટીને
ખોરાક=ખાવાની ચીજો
તાજી=તરતની
લહેર=સપાટા
જન=માણસ
નમતો=આથમતો
ઘોંઘાટ=અવાજ

સવાલ—સુરજ ઊગતા પહેલાં પૂર્વ દિશામાં વાદળ અને વાદળાંની કોરો કેવી જણાય છે ? અજવાળું શેમાંથી આવે છે ? સવાર થઈ શાથી જણાય ? સવારમાં માણસ, પશુ, પક્ષી શું શું કરે છે ? છોકરાઓએ પાઠ ક્યારે કરવો જોઈએ ? સાંજ પડી ક્યારે કહેવાય ? સુરજ ઊગતાં પહેલાં અને આથમ્યા પછી થોડું અજવાળું રહે છે તેને શું કહે છે ? (જ. ઝળઝળીઉં) સાંજના દેખાવની વાત કહો.

પાઠ ૪૨ મો.

વાતો=ફુંકાતો
જોરથી=ઝડપથી
ઠરી જાય છે=ઠંડી પડી જાય છે
ટિકિટ=આગગાડીમાં બેસવાની ચિઠ્ઠી
ગુંગળાઈ=મુંઝાઈ
ઝપાટો=સપાટો
તોફાન=પવનનું બહુ જોરથી વાવું તે
ઉથલી=ગબડી; ફેરવાઈ

મૂળમાંથી=જડમાંથી	ઘસડી=ખેંચી	અકળામણ=ગભરામણ
ભરવાડ=ઘેટાં બકરાં ચરાવનાર	ધાન્ય=અનાજ	વાદળાં=વરાળનો જથો
	વહાણો=મોટી હોડીઓ	

સવાલ—હવા ક્યાં ક્યાં હોય છે? બધેજ હવા છે એ સાબિત કરી બતાવો. હવાની જરૂર કોને કોને છે? હવા ન હોય તો શું થાય? પવન એટલે શું? હવા ને પવનમાં શો ફેર છે? પવનનું તોફાન ક્યારે થાય? પવનથી થતા ફાયદા ગેરફાયદા ગણાવો.

સાર—આપણે હવા વગર જીવી શકીએ નહિ, માટે દયાળુ પરમેશ્વરે તે બધે ઠેકાણે ભરી રાખી છે.

પાઠ ૪૩ મો.		
	નિર્દય=દયા વગરનો	તળીઉં=નીચેનો ભાગ
કકડા=ટુકડા	કઠણ=સખત	જંતુ=ઝીણાં જીવડાં
દુઃખ=વીટંબણા	ગાંગડો=ગઠ્ઠો	વેહ=છિદ્ર; કાણાં
ચુરો=ભુકો	ઝાંખો=ચળકાટ વગરનો	થર=પડ
કણ=રજકણ	કોલ=કેલ	ચાંચવો=જમીનખોદવાનું ઓજાર; તીકમ
છુટા=જુદા	કહેણી=કહેતી; કહેવત	
અક્ષરો=હરફો; દસ્કતો	જન્મ=પેદાસ	
પીગળતો=રસ થતો	દરીઓ=સાગર; સમુદ્ર	હકીકત=વાત

સવાલ—ચાકનો કેમ સહેલાઇથી ભુકો થઇ શકે છે? ચાક પોચો છે તેથી શા શા ઉપયોગમાં આવે છે? ચાકને ભઠ્ઠીમાં નાખે તો શું બને છે? ચુનો શું કામમાં આવે? ચાક પાણીમાં ઓગળે કે નહિ? પાણીમાં ઓગળે એવા પદાર્થના નામ દો. જે પદાર્થ પાણીમાં ઓગળી જાય તે કેવા પદાર્થ કહેવાય? જ. દ્રાવ્ય. ન ઓગળે તે કેવા કહેવાય જ, અદ્રાવ્ય. ચાકમાં કયો ગુણ છે કે જેથી તે પાણી ચૂસે છે? જ. છિદ્રાળુ. બીજા કયા કયા પદાર્થો પાણી ચૂસે છે?

જિજ્ઞાસુ પદાર્થનાં નામ દો. ચાક દેવતામાં પીગળી જાય છે કે નહિ? દેવતામાં ન પીગળે એવા પદાર્થનાં નામ દો. ઓગળવું અને પીગળવું એમાં ફેર શું? ચાકને ભોયપર પછાડીએ તો શું થાય? ચાકમાં કયો ગુણ છે કે જેથી તેને પછાડવાથી ભાંગી જાય છે? જ. બરડ. બરડ ગુણવાળી ચીજોનાં નામ દો. ચાક શી રીતે બને છે? જે પદાર્થો જમીનમાંથી નીકળે તે કેવા પદાર્થ કહેવાય? જ. ખનીજ. ખનીજ પદાર્થનાં નામ દો. ચાકનો ઉપયોગ કહો.

પાઠ ૪૪ મો.	ગાળીને=રસ કરીને	બાઝેલા=વળગેલા
ટીપે છે=ઘડે છે	કાતર=કાપવાનું ઓજાર	ખાટી=ખટાશવાળો
પતરા=ધાતુને ટીપીને અથવા રસ કરીને લાંબા ચોડા બનાવે છે તે	ચંબુ=શિરોઇ	ઝેરી=ઝેરવાળો
	નાળચાં=નળી	સિક્કા=ચલણી નાણું
	કથરોટ=મોટી ચાળી	ટંકશાળ=સિક્કા પાડવાની જગા

સવાલ—તાંબા પિત્તળનાં વાસણ બનાવનાર તથા વેચનારને શું કહે છે? સુથાર, લુહાર, કુંભાર, શેના ઘાટ બનાવે છે? તાંબું ક્યાંથી નીકળે? એ કેવો પદાર્થ કહેવાય? તાંબાના ગુણ કહો. તાંબાનાં કયાં કયાં વાસણો બને છે? તમારા ઘરમાં તાંબાના જે જે વાસણ હોય તે ગણાવો. તાંબાના કાટને શું કહે છે? તેનો રંગ કેવો હોય છે? તે ખાવામાં આવે તો શું થાય? તાંબા પર કાટ શી શી રીતે ચઢે છે? તાંબાના વાસણ પર કાટ ન ચઢે માટે શું કરે છે? કલાઇનો રંગ કેવો હોય છે? તાંબાના કયા સિક્કા બને છે? ટંકશાળ એટલે શું? તાંબાનો ઉપયોગ કઇ કઇ ધાતુ બનાવવામાં થાય છે?

પાઠ ૪૫ મો.	વગેરે કાઢવા માટે	ઇનામ=ખુશ થઇ આપવું તે; ભેટ
ખાણ=જમીનમાંથી ધાતુ	ખોદેલો ખાડો	

મેળવણી=ભેગ
ઓગળીને=રસ થઇને
મજાગરાં=મડવાં; જેના વડે બારણું ઉઘડે દેવાય તે
તાસકો=ઢાંકણા
પવાલી=ત્રાંબુ પીપ
ચિરોઇ=સાંકડા મોઢાનું વાસણ; ચંબુ
કાટ=કીટ
કલાઇ=ઝાંખા સફેદ રંગની ધાતુ
માંજેલાં=ઘસીને સાફ કરેલાં
સરતુ=સોંઘું

સવાલ—ધાતુમાં કયા કયા ગુણ હોય છે? ધાતુઓ કયાંથી નીકળે છે? ધાતુ એ કેવો પદાર્થ કહેવાય? પિત્તળ શી રીતે બનાવે? પિત્તળનો રંગ કેવો હોય છે? જસતનો રંગ કેવો હોય છે? તાંબું ને પિત્તળ એમાં કઠણ કોણ? શા માટે પિત્તળ વધારે કઠણ? પિત્તળનું શું શું બને છે? તમારા ઘરમાં પિત્તળનાં વાસણ હોય તેનાં નામ દો. પિત્તળ ઉપર કાટ ચઢે છે કે નહિ? પિત્તળના વાસણને કલાઇ કરાવવાનું કારણ શું? તાંબું અને પિત્તળ એમાં જલદી કોણ કટાય? ઝાંખું કયું વહેલું પડે? તાંબા અને પિત્તળનો શેરનો ભાવ શું હશે?

પાઠ ૪૬ મો.

ઘાસનું બજાર=ઘાસની પીઠ
ચરો=પોપડા; ઘાસની ઊગવાની જગા; બીડ
કુમળું=નરમ
છાવામાં=ઢાંકવામાં
વણીને=વળ દઇને
મુળીઆં=મૂળ
ધાર=અણી
દાભ=દરભ
ઝીંઝવો=એકજાતનું ઘાસ
ચરાઉ=ચરનારા
ગંજ=ઘાસના ઢગલા
ગડી=ગાંઠ
સુગંધ=સારી વાસ
મોથ=સુગંધીદાર ઘાસ
ખુજલી=ખજવાળથી ફોલ્લા થાય તે
ફુલેલ=માથામાં ઘાલવાનું તેલ
અત્તર=સુગંધીદાર વસ્તુનો કસ
દરો=એક જાતનું ઘાસ; ધરો
જડ=મૂળ
ફરી ફરીને=વારે વારે
ઉપલાણે=ઉપરના ભાગમાં
વાટ=રસ્તો
ચમરી=છોડ ઉપરની પાંખડી
સુંવાળી=લીસી
વાસ=સોડમ

સુપડા=ઝાટકવાને વાંસની ચીપ કે ઘાસનું બનાવેલું ઓજાર
સાદડી=ચટાઇ
પડા=ઝુડા
કુટીને=ખુંદીને
મૂંજ=સરકટની પાંદડીને પલાળી કુટેલી તે.
ખાટલા=ઢોળીઆ

સવાલ—જે ખેતરમાં દાભ ઊગે તે ખેતર શા કારણથી નકામું થઇ જાય છે? દાભના મુળીઆં કેવાં હોય? એની પાંદડીની કોર કેવી હોય છે? કુમળું દાભ શું કામમાં આવે છે? પાકટ થયા પછી શું કામમાં આવે છે? દાભ શું કામમાં આવે છે? ઝીંઝવો શું કામમાં આવે છે ને ક્યાં ઊગે છે? એના મુળીઆપર શું થાય છે? એ ગડીને શું કહે છે? મોથ શા શા કામમાં આવે છે? ઝીણી ઝીણી સોય જેવી પાંદડીવાળું જાળ જેવું કયું ઘાસ થાય છે? ધરો કાઢી નાખવા છતાં ફરીથી કેમ ઊગી નીકળે છે? સરકટ ક્યાં થાય? સરકટ જનાવરના ખાધામાં આવે છે કે નહિ? નહિ આવવાનું કારણ શું? સરકટની સળીઓ સુકાયા પછી શા શા કામમાં આવે છે? એની પાંદડીને કુટીને પલાળે છે તેને શું કહે છે? મુંજ શા કામમાં આવે છે? કયા કયા ઘાસ ખાટલા ભરવાના કામમાં આવે છે?

પાઠ ૬૭ મો.

વાવવા=રોપવા
સાંઠા=સાટા
પરાળ=ભાતનું ઘાસ
ગાંઠ=ઘડી
સળંગ=આખી; સાંધા વગરની
પેર=પેરીઉં
ગુચ્છો=ગુચળું; જથો
નજર કરો=ધ્યાન આપો
બી=બીઆં
ખાતર=ઘાસ છાણ વગેરે કોહી ગએલો કચરો
પૂરીને=નાખીને
ભીલ=વગડામાં રહેનાર જાત
નાગલી=બાવટો
સામા=એક જાતના ઘાસનું બી
થેક=થીડા કે કુંમળાનાં મૂળની ગાંઠો
ઢેબરા=મીઠું મરચું નાખી જુવાર બાજરીના કરેલા રોટલા
ખસલી=એક જાતનું ઘાસ
કડબ=જુવારનો સુકો સાંઠો
રાતડીઓ=રાતી જુવાર
બીડ=ઘાસ ઊગવાની જમીન; ઘરો

સવાલ—બાજરી, જુવાર અને ડાંગરના છોડનો ઘાસની સાથે મુકાબલો કરો. આપણે અનાજ ખઇએ છીએ તે શું છે? ઘાસનું બી નાનું અને અનાજનું મોટું હોવાનું કારણ શું? મહીકાંઠો કયાં આવ્યો? મહીકાંઠાના બીજા લોકો કયું કયું અનાજ ખાય છે?

પાઠ ૪૮ મો.	આળસુ=સુસ્ત	**કવિતાના અર્થ.**
સખત=મજબુત	સેડ=હળમાંની વચમાંનો લાંબો સોટો	તાત=બાપ
એક સામટું=સાથે લાગુ	ચાસ=ખેતરમાં હળે કરી પાડેલા આડા ઉભા લિસોટા	નીપજાવે=પકવે
ભાણુ=સુરજ	હળપુણી=હળમાં લોઢાની કોશ હોય તે	અન્ન=અનાજ
દાણો=જુવાર અડદ વગેરે	ધુસરી=બળદની ખાંધે રહે છે તે લાકડું	ધરે=પેહેરે
કોઢ=ઢોર બાંધવાની જગા	છડો=હળને છેડે પકડવાને ખીલી જેવું હોય છે તે; હલેડી	સહે=ખમે; વેઠે
નીરું છું=નાંખું છું		લહે=જબરો
છાશ=દહીંમાં પાણીનાખી વલોવી બનાવે છે તે		ઉત્તમ=સારી
કૌવત=જોર		પર=પારકો
ચવડું=હળના નીચેનાં ભાગમાં કોશની સાથે અણીવાળું લાકડું હોય છે તે		ઉપકારી=આભારી
		દીએ=આપે
		શીખ=શિખામણ
		ખંત=કાળજી

જગતનો તાત ગણાય એટલે જેવી રીતે બાપ છોકરાનું પોષણ કરે છે તેવીજ રીતે ખેડુત ધાન્ય ઉપજાવી આખા જગતનું પોષણ કરે છે માટે. ખેતીને ઉત્તમ કહેવાનું કારણ એ કે એ ધંધો સ્વતંત્ર છે, અનાજ જેવી જીવવાને જરૂરની ઘણી કામની વસ્તુ તે નીપજાવે છે માટે.

હળની હકીકત—હળના મુખ્ય બે ભાગ છે, હળના પાછલા ભાગને તુંગું અને આગલા ભાગને સેડ કહે છે. સેડની લંબાઇ ૧૦ ફુટ અને તુંગાની લંબાઇ ૪ ફુટ હોય છે. તુંગું વચમાંથી જાડું નીચેથી અણીદાર અને ઉપરથી પાતળું હોય છે. જાડા ભાગમાં સેડનો છેડો ઘાલે છે. તુંગામાં હળપુણી, ચવડું અને કસવાળો હોય છે, હળપુણી લોઢાની

હોય છે, ને તે નીચેને છેડે ચવડાની ઉપર રહે છે. ચવડું પણ અણીદાર ને ત્રણ પાસાવાળું હોય છે. સેડને બીજે છેડે ખીલો હોય છે તેને સગન (સંબંધીઓ) કહે છે, તેને ધુસરૂં બાંધે છે. ધુસરૂં બળદની ખાંધ પર મૂકે છે; ધુસરૂં બળદની ખાંધેથી ખસી ન જાય માટે ધુસરાને બંને છેડે લાકડાની સમાલ હોય છે તે બળદની ડોકે જોતરથી બાંધે છે. હળપુણી જલદી ઘસાઇ કે ભાંગી ન જાય માટે લોઢાની કરે છે. તુંગાના ઉપરના ભાગમાં મુઠ્ઠીમાં આવે એવો લાકડાનો ગોળ કકડો બેસાડેલો હોય તેને છડો કહે છે. હળ હાંકતી વખત ખેડુત છડા પર ભાર દે છે તેથી હળપુણી ભોંયમાં ઉતરે છે, એથી જમીન ખોદાઇને પોચી થાય છે ને ચાસ પડે છે.

સવાલ—હળનું ડ્રોઈંગ પાડી તેના દરેક ભાગપર નામ લખો. હળના દરેક ભાગનો ઉપયોગ સમજાવો.

પાઠ ૪૯ મો.	ધરૂ=કુમળા છોડ	છોડાં=ફોતરાં
પાળ=કોરણ	ઝીલવો=ખમવો	
લીલાંછમ=ઘણુંજ લીલા	ભરડીને=મચરડીને	

સવાલ—ડાંગર શી રીતે વાવે છે? ધરૂ એટલે શું? ડાંગર ક્યારડામાં શા માટે રોપે? ડાંગરના છોડ પાકે ત્યારે કેવા રંગના થાય છે? ડાંગર પાકયા પછી શું શું કરે ત્યારે ચોખા થાય?

પાઠ ૫૦ મો.	વેંત=બિલ્લસ	ડુક્કર=ભુંડ
કોલુ=શેરડીના રસ કાઢવાના સાંચો	આંખ=કળી	શિયાળવાં=શિયાળ
પડછા=પાંતરાં; ચમરી	પીત=પાણીથી થતું જે કરસણ શાક વગેરે	સંભાળ=તપાસ
રસ=કસ		પાકટ=પાકી
સંબંધી=વિષે; બાબત	તરકારી=શાક	તાવડો=મોટા પેણો
ઘેર=ગંદેરી	માસ=મહીના	છારી=પડ

સવાલ—શેરડી શી રીતે રોપે છે? શેરડીની આંખ બતાવો. કોલુ એટલે શું? કોલુ શેનું બનાવે છે? શેરડીમાંથી રસ શી રીતે કાઢે છે? રસનો ગોળ શી રીતે બનાવ છે?

પાઠ ૫૧ મો.

તકરાર=વઢવાડ; રકઝક
વઢવા=લઢવા
ધીમા=શાંત
ઉજળો=સફેદ
ભાવ=હોંસ
સારા=સાજાં
લોટ=આટો
કણક=લોટમાં પાણી નાખી લોંદા જેવું કરે છે તે
જોર=શક્તિ
નકામો=ફેગટ
હિસાબ=ગણતરી
ઉપયોગના=જરૂરના
પૈસાદાર=પૈસાવાળા

સવાલ—માંદા અને દાંત વગરના માણસને કયો ખોરાક વધારે ઉપયોગી? તેનું કારણ શું? ભાત શી રીતે બનાવે છે? રોટલી શેની બનાવે છે? ઘઉંની રોટલી શી રીતે બનાવે છે? ગરીબ માણસો ઘઉં કેમ ખાતાં નથી?

પાઠ ૫૨ મો.

મધપુડો=મધમાખીએ બનાવેલો પુડો
લટકતો=ટિંગાતો
વાઘરી=શિકારી
કામળો=ઊનનું લુગડું
ધુણી=ધુમાતો દેવતા; સળગતા છાણાં વગેરે
ઘરબાર વગરનાં=રખડતા
પારકો=પરાયો; બીજાનો
ચીજ=વસ્તુ
ઇચ્છા=મરજી
નર=પુરુષ
છ ખુણાવાળાં=છ ખુણાના આકારના
જન્મ=જિંદગાની
રક્ષણ=બચાવ
ડંખ=ચટકો
પેસવા=દાખલ થવા
દયા=રહેમ

કવિતાના અર્થ.

હુન્નર=કસબ; કારીગરી
નિશાળ=ઠેકાણું
મનોહર=મોહ પમાડનાર
રચે=બનાવે
તત્કાળ=તરત
ચૂસી=સોષી
સરે=થાય
ગુણ=ફાયદો; લાભ
તમામ=બધું
તજે=છોડી દે
ઉદ્યોગી=મહેનતુ
પંકાય=વખણાય

સવાલ—મધપુડો કોણ બાંધે છે અને તે ક્યાં ક્યાં બાંધે છે? મધ ક્યાંથી લાવે છે? મીણ શેમાંથી બનાવે છે? મધપુડામાં કેટલી જાતની માખીઓ હોય છે અને તે કઇ કઇ? રાણીનું કામ શું છે? મધ-

પુડાનાં ખાનાં કેટલા ખુણાવાળા હોય છે? ખાનાં કેટલી જાતનાં હોય છે? ઈંડાં કયાં ખાનામાં મૂકે છે? અને તે કોણ મૂકે છે? મોટા ખાનામાં કયાં ઈંડાં મૂકવામાં આવે છે? રાણી અને કામ કરનારી માખીમાં શો ફેર હોય છે? કામ કરનારી માખીઓ શું શું કામ કરે છે? નર અને માખીમાં શો ફેર હોય છે? નરને મારી નાખવાનું કારણ શું? મધ અને મીણનો ઉપયોગ કહો મધમાખી પરથી આપણે શું શિખામણ લેવી?

પાઠ ૫૩ મો.

શેખ=મુસલમાનની એક જાત
બતક=પાણીવાળીજગામાં રહેનારૂં પક્ષી
પીછ=પીંછાં
ચીકટ=ચિકાશ
ભિંજાતું=પલળતું
નબળું=કમજોર
જોડાએલાં=સંધાએલાં
દાઢ=બેવડા દાંત
અણીદાર=તીણા
ગળી જાય છે=ઉતારી દે છે
જાળવે=સાચવે; સંભાળે
ઢાંકી=છુપાવી
બીકણ=બીએ એવો
ધસીને દોડે છે=હુમલો કરે છે
માંજર=કલગી
દીપે છે=શોભે છે
ખોતરવાની=ખોદવાની
વહાણું વાય=સવાર થાય

સવાલ—બતક કેવી જગામાં રહે છે? બતકનું શરીર કેમ ભિંજાતું નથી? બતક શું ખાય છે? બતકની ચાંચ કેવી હોય છે? બતકને પાંખ છે ત્યારે કેમ ઊડી શકતી નથી? બતકને કેટલા પગ હોય છે? દરેક પગે કેટલાં આંગળાં હોય અને કયાં હોય છે? આપણે પાણીપર ચાલી શકતા નથી અને બતક શા માટે ચાલી શકે છે? બતક ખોરાકના કકડા કેમ કરી શકતી નથી? મરઘા અને બતકની ચાંચમાં ફેર શું? મરઘા પાણીપર કેમ ચાલી શકતા નથી? મરઘી છે કે મરઘો તે શી રીતે ઓળખી શકાય? મરઘા શા માટે પાળતા હશે? મરઘા કોણ પાળે છે? મરઘો ક્યારે ક્યારે બોલે છે ને શું બોલે છે?

સાર—મરઘો બોલે છે તે પરથી સવાર ને બપોર સમજાય છે.

પાઠ ૫૪ મો.

કાબરી=કાબર ચીતરી
રૂ=કપાસમાંથી કપાસીઆ કાઢી લીધા પછી જે રહે છે તે
તણખલાં=તરણાં
માળો=પક્ષીનું ઘર
ખુણેખોચરે=ખુણામાં
દરેક ફેરે=દરેક વખતે
ભુરા=આસમાની
ટપકાં=છાંટ
લગી=સુધી
રઝળીને=રખડીને
ફાયદો=ગુણ
વીણીવીણીને=શોધી શોધીને
ભો=બીક; ડર

સવાલ—ચકલીના શરીરના ભાગ ગણાવો. ચકલીની ચાંચ કેવી હોય છે ? ચકલી કેવા કેવા રંગની હોય છે ? ચકલીને એક એક પગે કેટલાં આંગળાં હોય છે અને તે કેવી રીતે હોય છે ? ચકલી ક્યાં રહે છે ? માળા શેનાં બનાવે છે ? ચકલી વરસમાં કેટલીવાર ઈંડાં મૂકે છે? બચ્ચાંને ક્યાં સુધી ખવડાવે છે ? ચકલી શું શું ખાય છે ? ચકલી દરેક ફેરે કેટકેટલાં ઇડાં મુકે છે ? ઇડાંનો રંગ કેવો હોય છે ? ચકલી ખેડુતને શો ફાયદો કરે છે અને તે કેવી રીતે ? ચકલીને કોની કોની બીક હોય છે ? ચકલી ને ચકલો ઓળખવાની નિશાની શું ?

પાઠ ૫૫ મો.

દેખાવ=શોભા
ગરદન=બોચી
કેશવાળી=ઘોડાની ઘરદન પરના વાળ
નક્કર=સંગીન
સપાટ=સરખી
લગામ=દોર
તીણા=ધારવાળા
ચપટા=બેઠેલા
જુસ્સું=થુલું
દાણા=અનાજ
મજલ=મુસાફરી; અંતર
પાણીદાર=જોરવાળી; ઝડપથી દોડનાર
અરબી=અરબસ્તાની
નીમકહલાલ=ખાય તેનું ભલું કરનાર; ધણીનું ભલું ચાહનાર
ધણી=માલીક
પ્રીતિ=હેત; પ્યાર
શરત=હોડ; હારજીત
ટટ્ટી=કામડાની વાડ
કુદાવ=ફલગ મરાવે
જીન=ચામડાનું પલાણ
સવારી કરે છે=બેસી મુસાફરી કરે છે

સવાલ—ઘોડાની ગરદન પરના વાળને શું કહે છે ? કેશવાળી કોને કોને હોય છે ? ઘોડો સપાટ જમીનપર સપાટાબંધ દોડી શકવાનું કારણ શું ? એના કાન કેવા હોય છે ? લગામ ક્યાં બાંધે છે ?

ક્યાં દાંત વડે ખોરાક કાપે અને ક્યા વડે ચાવે છે? ઘોડો શું શું ખાય છે? નાળ શા માટે જડાવે છે? ઘોડાનો રંગ કેવો કેવો હોય છે? ઘોડાની કઈ કઈ જાતો છે? ઘોડામાં ક્યા ગુણ છે? ઘોડો શા શા ઉપયોગમાં આવે છે? ઘોડો કેટલા વરસ સુધી જીવી શકે છે?

પાઠ ૫૬ મો.

શેઠ=સાહુકાર
નાળબંધ=નાળ જડનાર
ખરી=જનાવરના પગના તળીઆનું હાડકું
ફેર=તફાવત
ઝુમખો=જથો
ખોંખારે=હણહણે
ભૂંકવું=ગધેડાનું બોલવું
અડીઅલ=અડી જાય એવું; જીદ્દી, હઠીલું
ઠોઠ=અક્કલ વગરનો
નચાઈ=અચરતી
મહેનતુ=મહેનત કરે એવું
ધીરજવાળું=દુ:ખ ખમનાર
કહ્યાગરું=કહ્યા પ્રમાણે ચાલનાર
ટટુ=નાનો ઘોડો
ખચ્ચર=ગધેડી ને ઘોડાના સંગમથી પેદા થએલો તે
વાળ=નિમાળા

ઘોડો, ખચ્ચર અને ગધેડાનો મુકાબલો—ત્રણને બે આંખ, બે કાન, ડોકું, મોં, માથું, પીઠ, પુછડું, અને ચાર પગ હોય છે. ત્રણનું મોં લાંબું હોય છે. ત્રણેના શરીર પર ટુંકા વાળ છે; પગને તળીએ ગોળ દાબડા છે. ઘોડો અને ખચ્ચરના ડોકપર કેશવાળી હોય છે. ઘોડો અને ખચ્ચરના પુછડાપર મોટા લાંબા વાળ આખે પુછડે હોય છે. ઘોડો ખચ્ચર અને ગધેડાના કાન મોટા હોય છે. ગધેડા કરતાં ખચ્ચર મોટું, ને ખચ્ચર કરતાં ઘોડો મોટો હોય છે.

પાઠ ૫૭ મો.

ગોકુળગાય=પરમેશ્વરની ગાય
વાનાં=વસ્તુ
ધડ=ગોચાથીપગ સુધીનો બધો ભાગ
ડોકું=ધડની ઉપરનો ભાગ
તાળવું=મોઢાની અંદરનો ઉપલો ભાગ
ભવાં=ભમર; આંખ ઉપરના કમાનદાર વાળ
પોપચું=આંખનું ઢાંકણ
ખાળે છે=અટકાવે છે
છેડો=નાકું
મૂળ=શરૂઆત
ગળુ=ગોચીની પછવાડેનો ભાગ
વચલે ગાળે=વચ્ચોવચ
કેડ=કંમર
ટીંચણ=ઘુંટણ

શરીર વિષે—શરીરના મુખ્ય બે ભાગ. ડોકું ને ધડ છે. ડોકામાં માથું, (માથા ઉપરનો ભાગ ખોપરી કહેવાય છે. તે પર વાળ ઉગે છે) કપાળ, લમણાં. કાન, આંખ. નાક. મોઢું, મોઢાની અંદર જીભ. દાંત અને તાળવું છે. ગાલ, ગળું, બોચી, દાઢી અને હડપચી છે. ધડમાં બે હાથ, ખભા, બગલ, છાતી, પેટ. ડુંટી, પેઢું, કેડ, વાંસો, બે પગ, જાંઘ, ઢીંચણ, નળો, પાટલી, તળીઉં, એડી, અને ઘુંટી છે.

પાઠ ૫૮ મો.

આકાર=ઘાટ
ફીકર=ચિંતા
ધબાકો=અવાજ
જ્ઞાન=સમજ

સવાલ—ઇંદ્રિયો કોને કહેવી? ઇંદ્રિયો કેટલી છે ને તે કઇ કઇ? આંખ, નાક, જીભ અને ચામડીનો ઉપયોગ કહો. આંખ વડે પદાર્થના કયા કયા ગુણ જાણી શકાય? જ. રંગ, આકાર અને ચળકાટ. હાથ વડે પદાર્થના કયા કયા ગુણ જાણી શકાય? જ. ભારે કે હલકું; પોચું કે કઠણ; લીસું કે ખરબચડું; ટાઢું કે ઉનું; અને આકાર. કાન, નાક, અને જીભ વડે પદાર્થના કયા ગુણ જણાય? નાક વડે વાસ; કાન વડે અવાજ અથવા રણકો; જીભ વડે સ્વાદ.

પાઠ ૫૯ મો.

રંગરેજ=રંગારો
છુટ્ટી=રજા
મૂળરંગ=લાલ, પીળો અને વાદળી રંગ
ઝાંખા=તેજ વગરનાં
સેલા=દુપટ્ટા
સાલ્લો=બાયડીને પહેરવાનું સુતરાઉ લુગડું
ગળીનો રંગ=કાળો રંગ
વત્તા=વધારે
ખુલતા=બહાર પડતા

સવાલ—રંગરેજ શું કામ કરે છે? મૂળ રંગ ગણાવો. કીરમજી રંગ બનાવવાની રીત કહો. કીરમજી રંગથી કયા કયા લુગડાં રંગાય છે? કેસરીઓ રંગ શી રીતે બનાવવો? કેસરીઓ રંગ કહેવાનું કારણ શું? લીલો, નારંગી, વપખીરી અને કત્થાઇ રંગ શી રીતે બનાવવો? ધોળા રંગમાં થોડો કાળો રંગ મેળવીએ તો કયો રંગ બને? ઝાંખો ભૂરો રંગ શી રીતે બને? ખુલતો વાદળી રગ બનાવો ગુલાબી શું શું મેળવીને બનાવે છે? મૂળ રંગ પરથી બીજા રંગો શી રીતે બનાવે છે?

પાઠ ૧૦ મો.	જંગલી=સમજણ વગરના	ગરજ સારે છે=કામ કરે છે
ઉઘાડો=નાગો; લુગડાં પહેર્યા વગરનો	છાલ=છોડું	ભીંગડાં=જાડાં પડ
કાંતીને=તાર કાઢીને	રંગદાર=રંગવાળા	જામદાની=ઝીણું બુટ્ટાદાર લુગડું
કોથીવાણીઓ=કાપડીઆ	ઢાંકણ=કવર	બાસ્તો=સુતરાઉ કપડું
છીંટ=તરેહવાળું કપડું	રુવાંટી=ઝીણા વાળ	ખાદી=દોટી

સવાલ—લુગડાં પહેરવાથી શો ફાયદો ? ઊન એટલે શું ? ઊનનું કયું કાપડ બને ? ઘેટાને ટાઢ કેમ વાતી નથી ? ઊન સિવાય બીજાં શેનાં લુગડાં બને છે ? રૂ ક્યાં થાય છે ? જંગલી લોકો ઊન અને રૂના લુગડાં પહેરતાં નથી ત્યારે કેવાં કેવાં લુગડાં પહેરે છે ? પશુ, પક્ષીને લુગડાં પહેરવાની જરૂર શા માટે પડતી નથી ?

કવિતાની સમજુતી.

કવિતા ૧. પાઠ ૧. સવારની હકીકત.

હે ! મારા વહાલા દીકરા તું ઊઠ જંગલમાં પક્ષીઓ બોલે છે. રાત પુરી થઇ ને સવાર પડી. પૂર્વદિશામાં સુરજ ઊગવાની તૈયારી થવાથી અજવાળું થયું; તેથી જાત જાતના રંગો દેખાય છે અને ઝાડનાં પાંદડાં હાલે છે, માટે હે ! મારા વહાલા દીકરા તું ઊઠ. જંગલમાં પક્ષીઓ બોલે છે. (૧) મરઘા કુકરેકુક કરે છે અને કાગડા કા કા કરે છે; શોભિતા મેના, પોપટ અને મોર મીઠા બોલ બોલે છે. (ટેક) (૨) સુરજના ઊગવાથી ચંદ્રમાનું અજવાળું ઝાંખું પડયું, અને તારાનો પ્રકાશ દેખાતો બંધ થયો; મતલબ કે તારા દેખાતા નથી, તેથી ચોર લોકો ઝંખવાઇ ગયા અને સંતાઇ જવાને માટે ગલીકુંચી શોધે છે (ટેક ૩) ભગત ઇશ્વરનું ધ્યાન ધરે છે. અને ગવૈયાઓ ગાયન ગાય છે; ઉદાર માણસો ઘણું દાન આપે છે અને મુલ્લાંજી નિમાજ પઢવાને માટે બૂમ પાડે છે (ટેક ૪) સુરજ ઊગ્યો તેથી

રાતનું અંધારૂં જતું રહ્યું; ભમરો ગું ગું અવાજ કરી રહ્યો છે, અને કમળના ફૂલની પાંખડીઓ ખીલે છે. (ટુક ૫) જેમ જેમ સુરજનું અજવાળું વધારે વધારે પડતું જાય છે મતલબ કે જેમ જેમ દિવસ ચઢતો જાય છે તેમ તમ માણુસો ધંધે વળગવાને માટે હોંસિલા બને છે. પક્ષીઓ આકાશમાં દોડે છે, અને ઢોરો ચારો શોધે છે. (ટુક ૬) ઝાડ, વલા, ફળ, અને ફુલ, ભૂલ વગર એટલે નિયમસર ખીલે છે; ઘણાં પક્ષીઓ એકઠા થઇને તાજું અનાજ ખાવાને માટે જાય છે. (ટુક ૭) હે ભાઇ ! તું ખુશી થઇને પરમેશ્વરનું નામ લઇને ઊઠ અને મન દઇને પાઠ વાંચ. એમ મા પોતાના છોકરાને કહે છે. (ટુક ૮)

કવિતા ૨. પાઠ ૫ મો. સોબત તેવી અસર.

જેને જેવી સોબત તેને તેવીજ અસર થાય; જેન જેવી સોબત તેવોજ પ્યાર તેનામાં આવે (૧) જેને જેવી સોબત તેના જેવાંજ તે કામ કરશે. જેને જેવો સોબત તેવીજ જગાએ ત જઇને ઉભો રહેશે. (૨) સારી સોબતથી સારો થશે, અને નઠારી સોબતથી નઠારો થશે; સારા મહેતાજીની સોબતથી વિદ્યા ભણે અને નસીબવાન થાય મતલબ કે સારા ગુણવાળા મહેતાજીના હાથ નીચે કેળવાય તો નસીબવાન થાય: (૩)

કવિતા ૩. પાઠ ૧૦. ફરી ફરીને સારૂં કામ કરવા બાબત.

કરોળીઓ જાળ બનાવતાં ભોંયપર પડી જાય છે. ત્યારે ગભરાય છે અને વગર તૂટેલા (આખા) તાર ઉપર ચઢવાને માટે (ફરીથી) જાય છે. (૧) તેણે (કરોળીઆએ) તાર ઉપર ચઢવાને માટે મહેનત કરવા માંડી; પણ તરત તે નીચે પડયો અને ઉપર ચઢવાના કોઇ ઉપાયમાં ફાવ્યો નહિ (૨) એવી રીતે (પડતો અને ચઢતો) ફરી ફરીને એ ત્રણ વાર મંડયો રહ્યો તોપણ તેમાં ફાવ્યો નહિ ત્યારે ફરીને ચઢવાને તૈયાર થયો. (૩) હિંમત રાખીને ઉમંગથી તે છઠ્ઠીવાર ચઢવાને મંડયો: તેણે ધીરજ રાખી તેથી તે નક્કી જાળામાં જઇ પહોંચ્યો. (૪) જો કરોળીઆએ ફરી ફરીને કાળજીથી મહેનત નહિ કરી હોત તો પગ તળે છુંદાઇને વગર મોત મરી જાત. (૫)

એ પ્રમાણે (કરોળીઆની પેઠે) જો માણસો મનમાં કાળજી રાખીને આળસ કાઢી નાખીને મહેનત કરે તો ઘણોજ ફાયદો મેળવે.

સાર—સારૂં કામ ફરી ફરીને ઉમંગથી કરવું.

કવિતા ૪ થી. પાઠ ૧૫ મો. હળીમળીને રહેવા વિષે.

આપણે બને જણ ભાઇ અને બેન મળી સંપીને (હળીમળીને) રમીએ તો સુખ થાય અને મજા પડે, પણ જો લડીએ કે કજીઓ કરીએ તો ઘણી દીલગીરી થાય, આબરૂ ઓછી થાય, અને લોકો નઠારૂં બોલે. (૧) હે જોરાવર બાપ પરમેશ્વર તું અમને હંમેશાં સંપ આપ; (હળીમળીને રહેવાની બુદ્ધિ આપ) જેથી કરીને અમારા દહાડા સુખમાં જાય અને કોઇ દિવસ જરાપણ કંકાસ થાય નહિ. (૨) છોકરાં હળીમળીને રહેતાં હોય અને કોઇ દિવસ કોઇ લડે કે રડે નહિ, તેઓ હળીમળીને રમે, જમે અને ગીતો ગાય તો મા ઘણી ખુશી થાય. (૩) સાર—ભાઇબેન સાથે સંપસંપીને ચાલવું.

કવિતા ૫ મી. પાઠ ૧૭ મો. વગર વિચાર્યું ન કરવા બાબત

જે માણસ વિચાર કર્યા વગર કામ કરે છે, ને પાછળથી દીલગીર થાય છે; જુઓ, એવાં (વગર વિચારનાં) કામ કરવાથી ઘણાના જીવ જાય છે. (મરી જાય છે) (૧) સાર—ઉતાવળથી વગર વિચારેથી કામ કરવું નહિ.

કવિતા ૬ ઠી. પાઠ ૨૫ મો. કુહાડી.

નાનો છોકરો બાપની કુહાડી લઇ જોરાવર ડાહ્યો મરદ બન્યો ને જે કંઇ ચીજ જુએ તે ઘા મારીને કાપે, એમ રમતો ગામને પાદરે તળાવપર ગયો. (૧) ત્યાં (તળાવમાં) માછલાંએ જરા પાણી હલાવ્યું. તેથી છોકરાએ પાણીની અંદર કંઇક જોયું, એટલે છોકરો

મનમાં બીયો, તેથી કુહાડી પાણીમાં પડી ગઈ. તે વખતે તે બહુ ધાંટો પાડીને રડયો. (૨) હંમેશાં પાણીમાં આમ તેમ ડોલ્યાં કરતાં અને સમાઇ જતાં એવાં દયાળુ દેવી માતા છોકરાનો અવાજ સાંભળીને (પાણી ઉપર) આવ્યાં, દેવી બોલી કે આ રૂપાની કુહાડી લે. પણ છોકરો કહે છે કે હે ! માતા, મારી કુહાડી એવી નથી. (૩) બીજી વખત સોનાની કુહાડી કાઢી લાવીને બતાવી, ત્યારે માથું ધુણાવી (ના કહીને) છોકરો કહે છે કે એ પણ મારી નથી. મને તો મારી કુહાડી ઘણી ગમે છે, માટે હે ! દયાળુ માજી. તમે પાણીમાંથી મારી કુહાડી કાઢી આપો. (૪) દેવીએ કુહાડી કાઢી આપી અને છોકરા સાથે બોલ્યાં (છોકરાંને કહ્યું) કે તને સુખ અને દોલત મળજો. ને પરમેશ્વરની મહેરબાની થજો' સાર—પારકી વસ્તુપર લોભાવું નહિ.

કવિતા ૭ મી. પાઠ ૩૪ મો. પરમેશ્વરની મોટાઇ.

જગતના બનાવનાર (પરમેશ્વરે) આ દુનિયામાં ઘણીજ સારી બનાવટ કરી છે. તેણે આ દુનિયામાં નાના મોટા એમ ઘણી જાતના જીવો બનાવ્યા છે. (૧) તરેહવાર રંગના ખીલતા ફૂલો, ગાયન ગાતાં પક્ષીઓ અને સારા રંગવડે શોભતાં ઝાડનાં પાંદડાં તથા પક્ષીની પાંખો તેણે બનાવ્યાં છે. (૨) પરમેશ્વરે મોટા મોટા પહાડો, દરીઆ, નદી, ઓવારા અથવા પહાડમાંથી જવા આવવાના રસ્તા, શહેર અને જંગલના રસ્તા વગેરેની આવી શોભિતી બનાવટ બનાવી છે. (૩) શિઆળામાં ઠંડો પવન સારી ઠંડક આપે છે. અને ઉનાળામાં સુરજનો તાપ નક્કી ઘણો પડે છે. (૪) ચોમાસાની ઋતુમાં વરસાદ વરસે છે, ઝાડો પર ફળો લટકતાં દેખાય છે, અને મોરનો મીઠો અવાજ સંભળાય છે. (૫) અજવાળીઆમાં ચંદ્રનું

અજવાળું આનંદ આપે છે. અને અંધારીઆમાં તારાના પ્રકાશનો રંગ શોભિતો દેખાય છે. (૬) રમવાને અને મોજ ભોગવવાને માટે મોટાં મેદાનો બનાવ્યાં છે, વળી પાણીમાંના વેલા અને તેનાં પાંદડાં કેવાં તરે છે! (૭) હે પરમેશ્વર, તેં જોવાને માટે આંખ આપી છે, સાંભળવાને માટે કાન આપ્યા છે, અને બોલવાને માટે જીભ આપી એ સારું કર્યું છે. (૮) વળી દાંત આપ્યા તેની સાથે ખાવાનો ખોરાક આપીને આપણાપર બહુ ઉપકાર કર્યો છે; હે! પેદા કરનાર (પરમેશ્વર) તેં જે જુક્તિ કરી છે તે સમજી શકાય તેમ નથી. (૯) સાર—પરમેશ્વરે માણસ જાતના સુખને માટે દુનિયામાં બધી વસ્તુઓ બનાવી છે, તેનો પાડ વાળવા દરરોજ તેની ભક્તિ કરવી.

કવિતા ૮ મી. પાઠ ૩૫મો. પાનખર ઋતુ (વસંત ઋતુ)

મોટા વડના ઝાડ પર પથરાએલા વેલા તે જાણે તંબુ ઉભો કર્યો હોયની! એવું દેખાય છે, તંબુપર જેમ ધજા વાવટા ફરકતા હોય તેમ કેળ, નાળિએરી અને તાડનાં ઝાડ ધજાને વાવટા જેવા જણાય છે. (૧) ઝાડનાં પીળાં અને પાકાં પાદડાં હોય તે ખરીને જમીનપર પડે છે, પછી ઝાડને નવાં પાંદડાં આવે છે તેથી ઝાડ શોભિતા દેખાય છે. (૨) વસંત ઋતુમાં જુનાં પાંદડાં પાકાં થવાથી ખરી પડે છે અને તેને બદલે નવાં પાંદડાં ફુટી નીકળે છે. કોયલ મધુર શબ્દ બોલે છે; તીતર, કબુતર અને બીજાં ઘણાં પક્ષીઓ સારા રાગથી ગાય છે, અને સારી રીતે નાચે છે. (૩) લોકો કેસુડાંના ફૂલનો (કેસુડો) રંગ ઘોળીને હોળી રમે છે, એટલે રંગની એક બીજા પર પીચકારી મારે છે, બાગમાં ફુવારા ઉરાડે છે. અને બજારો તથા ચોકમાં પાણી છાંટે છે. મતલબ કે પાણીનો

છંટકાવ કરે છે. (૪) ભમરાઓ ગું ગું અવાજ કરે છે. અને ઝાડો પર ઘણા તરેહવાર રંગો દેખાય છે; આંબા ઉપર મોર આવવાથી તે શોભે છે, અને ચોતરફ ચાંદની શોભી રહી છે. (૫) માણસો લહેજતથી (ખુશીથી) શીખંડ ખાય છે અને ઠંડું પાણી પીએ છે. પશ્ચિમ અને દક્ષિણ તરફના પવનથી શરીર સુખી રહે છે. (કારણ પશ્ચિમ અને દક્ષિણમાં દરીઓ હોવાથી પવન ઠંડો આવે છે.)

કવિતા ૯ મી. પાઠ ૪૮ મો. ખેડુત વિષે


અરે! ખેતી કરનાર, તું ખરેખર જગતનો બાપ ગણાયો છે. કારણ કે તું ખેતી કરે છે તેથી બધા પ્રાણીને ખોરાક મળે છે. આ આખી દુનિયાનું પોષણ કરનાર પણ તુંજ જણાય છે. (૧) તું કપાસ, ફળ, ફૂલ, ઘાસ અને અનાજ પકવે છે, તોજ બધાં પ્રાણીઓ અનાજ ખાય છે અને માણસો ખુશીથી કપડાં પહેરે છે. (૨) તું વરસાદ ને તડકો વેઠે છે અને વળી ઘણી મહેનત કરે છે. તેથી તું શરીરે જબરો બને છે અને હંમેશાં સંતોષથી ફરે છે એટલે સંતોષી રહે છે. (૩) ખેતી નક્કી સૌથી સારી છે, વળી તે પારકાના પર ઉપકાર કરનારી છે; તું કાળજીથી ખેતી કરે છે અને જગતને સારી શિખામણ આપે છે, કે તમે મારી પેઠે મહેનત કરશો તો જબરા, સંતોષી અને પારકાનું ભલું કરનારા થશો. (૪) કહેવત છે કે "ઉત્તમ ખેતી, મધ્યમ વ્યાપાર, નફટ નોકરી, નિદાન ભીખ, એટલું ન આવડે તો દલાલી શીખ."

કવિતા ૧૦ મી. પાઠ ૫૨ મો. મધમાખી.

હે! મધમાખી, તું મહેનતુ છે, અને વળી કારીગરીની નિશાળ છે, (કારીગરીની નિશાળ કહેવાનું કારણ એ કે મધપુડાના

ખાનાં જેવી કારીગરી માણસથી પણ બરાબર થઇ શકે નહિ.) મનને મોહ પમાડે એવો મધપુડો બનાવે છે. અને તરતજ તેમાં રસ મૂકે છે. (૧) માંહું મધ ચુસી લઇને તું મીણુ બનાવે છે, તેથી (મધ અને મીણથી) ઘણાં કામ થાય છે અને તે ઘણોજ ફાયદો કરે છે. (૨) તું નાનું સરખું જીવડું છે, પણ મોટું ઉપયોગી કામ કરતું જણાય છે. વળી તુ ડાહ્યું ને ચોકખી દેખાય છે, તેથી તારું જોઇને બધાં ડાહ્યા માણસો આળસ છોડી દે છે. (૩) કીડી, કરોળીઆ અને મકોડા વગેરે જે મહેનતુ જીવડાં કહેવાય છે, તેમાં પણ તુંજ વખણાય છે. મતલબ કે એ બધાં જીવડાં કરતાં તું વધારે મહેનત કરે છે. સાર—માણસે ઉપોગી અને હુનરી થવું.

ભૂગોળની શરૂઆત.



દિશા —(સ. ૧) દિશા કેટલી છે? ઉ. ચાર. (સ. ૨) દિશાનાં નામ દો. ઉ. ઉત્તર, દક્ષિણ, પૂર્વ પશ્ચિમ. (સ ૩) દિશા શા ઉપરથી જાણી શકશો? ઉ. સુરજ ઉપરથી. (સ. ૪) સુરજપરથી દિશા ઓળખવાની રીત બોલો. ઉ. જે દિશામાં સુરજ ઊગે તે પૂર્વ; આથમે તે પશ્ચિમ; સુરજ સામું મોં કરી ઉભા રહેવાથી ડાબા હાથ તરફની ઉત્તર અને જમણા હાથ તરફની દક્ષિણ. (સ. ૫) સુરજ બીલકુલ ન દેખાય તો શા વડે દિશા પારખશો? ઉ. ધ્રુવના તારા ઉપરથી (સ. ૬) ધ્રુવના તારા ઉપરથી દિશા જાણવાની રીત બોલો. ઉ. ધ્રુવનો તારો હંમેશાં ઉત્તર દિશામાં ઊગે છે માટે એ તારા તરફની ઉત્તર, તેની સામેની દક્ષિણ; જમણા હાથપર પૂર્વ ને ડાબા હાથપર પશ્ચિમ. (સ ૭) જે ધ્રુવના તારાને નહિ ઓળખતા હોય તો તેને માટે બીજું સાધન છે? ઉ, હોકાયંત્ર. (સ. ૮) હોકાયંત્રપરથી કઈ દિશા જાણી શકાય? ઉ. ઉત્તર દિશા. (એની સોય હંમેશા ઉત્તર દિશાપર રહે છે) (સ. ૯.) દિશા જાણવાથી શું ફાયદો? ઉ ફલાણી જગાથી ફલાણી જગો કઈ દિશાએ અથવા અમુક સ્થળથી અમુક સ્થળ કઈ દિશામાં આવે તે માલમ પડે છે. (સ. ૧૦) નકશાની દિશા શી રીતે જાણવી? ઉ. નકશા સામું મોં કરી ઉભા રહીએ તો માથા તરફની ઉત્તર, પગ તરફની દક્ષિણ; જમણા હાથ તરફથી પૂર્વ; અને ડાબા હાથ તરફની પશ્ચિમ. સૂચના-ચિત્રમાં નકશાની દિશા બતાવી છે.

ખુણા—(પ્ર, ૧) ખુણા કેટલા છે? ઉ. ચાર. (પ્ર, ૨) ખુણાનાં નામ બોલો ઉ. અગ્નિ, નૈઋર્ત્ય, વાયવ્ય, ઇશાન. (પ્ર, ૩) ખુણા પારખવાની રીત બોલો. ઉ. પૂર્વ ને દક્ષિણ વચ્ચે અગ્નિ, દક્ષિણ ને પશ્ચિમ વચ્ચે નૈઋર્ત્ય, પશ્ચિમ ને ઉત્તર વચ્ચે વાયવ્ય અને ઉત્તર ને પૂર્વ વચ્ચે ઇશાન.

રાજકીય ભૂગોળ.

મહેસુલી ખાતું—(પ્ર. ૧) મહેસુલીખાતું શું કામ કરે છે ? ઉ. જમીનની મહેસુલ ઉઘરાવી તેનો હિસાબ રાખે છે. (પ્ર ૨) ગામની મહેસુલ ઉઘરાવનારને શું કહે છે ? ઉ. તલાટી, (પ્ર ૩) તલાટીને મદદ કરનાર કોણ છે ? ઉ. મુખી. (પ્ર. ૪) તલાટી ને મુખીના ઉપરીને શું કહે છે ? ઉ. મામલતદાર. (પ્ર. ૫) મામલતદાર માજીસ્ટ્રેટ ક્યારે કહેવાય ? ઉ. ઇન્સાફનું કામ કરે ત્યારે. (પ્ર. ૬) મામલતદારપર કોણ દેખરેખ રાખે છે ? ઉ. આસિસ્ટંટ કલેકટર કે ડેપ્યુટી કલેકટર. (પ્ર. ૭) આસિસ્ટંટ કલેકટર અને ડેપ્યુટી કલેકટરના ઉપરીને શું કહે છે ? ઉ. કલેકટર. (પ્ર. ૮) કલેકટર શું કામ કરે છે ? ઉ. મહેસુલી, પોલીસ, મ્યુનિસિપાલ, ઇસ્પિતાલ, બાંધકામ વગેરે ખાતાપર દેખરેખ રાખે છે. (પ્ર. ૯) કલેકટર ઇન્સાફનું કામ કરે છે ત્યારે એ ક્યા અધિકારી કહેવાય ? ઉ. ડિસ્ટ્રિક્ટ માજીસ્ટ્રેટ. (પ્ર. ૧૦) કલેકટરને પોલિટિકલ એજંટ ક્યારે કહે છે ? ઉ. જ્યારે દેશી રાજ્યો સબંધી કામકાજપર દેખરેખ રાખવાનું કામ કરે છે ત્યારે.

પોલીસ ખાતું—(પ્ર. ૧) પોલીસખાતું શું કામ કરે છે ? ઉ. લોકોના જાનમાલનું રક્ષણ કરે છે. (પ્ર. ૨) ગામડામાં પોલીસ અધિકારી કોણ છે ? ઉ. પોલીસ પટેલ મુખી. (પ્ર. ૩) તાલુકાના પોલીસના ઉપરીને શું કહે છે ? ઉ. ફોજદાર. (પ્ર. ૪) ફોજદારપર કોણ દેખરેખ રાખે છે ? ઉ. ડિસ્ટ્રિક્ટ પોલીસ ઇન્સ્પેક્ટર. (પ્ર ૫) ફોજદાર અને ડિસ્ટ્રિક્ટ પોલીસ ઇન્સ્પેકટરના ઉપરીને શું કહે છે ? ઉ. પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ.

દિવાની ખાતું—(પ્ર. ૧) દિવાની ખાતું શું કામ કરે છે? ઉ. લેણદેણનો ઇન્સાફ કરે છે. (પ્ર. ૨) તાલુકામાં લેણદેણનો ઇન્સાફ કરવાને કઇ કોર્ટ છે? અને તેના ઉપરીને શું કહે છે? ઉ. સેકન્ડ કલાસ સબજજ કોર્ટ. અને તેના ઉપરીને સબજજ (મુનસફ) સાહેબ કહે છે. (પ્ર. ૩) શહેરમાં સબજજ કોર્ટો કઇ છે? ઉ. ફર્સ્ટ કલાસ અને સેકન્ડ કલાસ (પ્ર. ૪) જિલ્લામાં ઇન્સાફ કરનાર મુખ્ય અધિકારી કોણ છે ને તે શું કામ કરે છે? ઉ. ડિસ્ટ્રિકટ જજ. તેઓ લેણદેણ સંબંધી ભારે દાવા અને ખૂન, ચોરી વગેરેનો ઇન્સાફ કરે છે. (પ્ર. ૫) ડિસ્ટ્રિકટ જજના હાથ નીચે એ ખાતાના કયા કયા અધિકારી છે? ઉ. સબજજ.

વૈદક ખાતું—(પ્ર. ૧) વૈદકખાતું શું કામ કરે છે? ઉ. માંદા માણસની માવજત કરે છે તથા તેમને દવા આપે છે. (પ્ર. ૨) તાલુકામાં વૈદક અધિકારી કોણ હોય છે? ઉ. હોસ્પિતાલ આસિસ્ટંટો. (પ્ર. ૩) હોસ્પિતાલ આસિસ્ટંટના હાથ નીચે કોણ હોય છે? ઉ. કંપાઉન્ડર (દવા આપનાર) (પ્ર. ૪) હોસ્પિતાલ આસિસ્ટંટના ઉપરી કોણ અને તેઓ કયાં રહે છે? ઉ. સીવીલ સર્જન, તે જિલ્લાના મુખ્ય શહેરમાં રહે છે.

જાહેર બાંધકામ ખાતું—(પ્ર. ૧) જાહેર બાંધકામ ખાતું શું શું કામ કરે છે? ઉ. સરકારી મકાનો, રસ્તા, પૂલો અને સડકો વગેરે બાંધે છે, તેમજ સમરાવે છે, (પ્ર. ૨) એ ખાતા તરફથી તાલુકામાં કોણ હોય છે? ઉ. ઓવરસીઅર. (પ્ર. ૩) ઓવરસીઅરના ઉપરીને શું કહે છે? ઉ. એક્ઝિક્યુટિવ ઇજનેર.

કેળવણી ખાતું—(પ્ર. ૧) આસિસ્ટંટ માસ્તરના ઉપરીને શું કહે છે? ઉ. મહેતાજી. (પ્ર. ૨) નિશાળોની તપાસ રાખવા માટે

જિલ્લામાં કોણ છે ? ઉ. ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર. (પ્ર. ૩) ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને મદદ કરનાર કોણ ? ઉ. આસિ. ડે. એ. ઇન્સ્પેક્ટરો અને તાલુકા માસ્તરો.

મ્યુનિસિપલ ખાતું—(પ્ર. ૧) મ્યુનિસિપાલીટી શું શું કામ કરે છે ? ઉ. રસ્તા સાફ રાખવાનું, દીવાબત્તી સળગાવવાનું, સડકો પર પાણી છાંટવાનું, લોકોની સુખાકારી સંભાળવાનું, શરૂઆતની કેળવણી આપવાનું વગેરે (પ્ર ૨) મ્યુનિસિપાલીટીનો ખરચ શાથી નભે છે ? ઉ. જકાત, જાજરૂવેરો, ઘરવેરો, નળવેરો, ગાડીવેરો વગેરેથી (પ્ર. ૩) મ્યુનિસિપાલીટી કયા ગામમાં હોય અને કયા ગામમાં ન હોય ? ઉ. પાંચ હજાર કરતાં વધારે માણસની વસ્તી હોય ત્યાં મ્યુનિસિપાલીટી હોય અને એથી ઓછી વસ્તી હોય ત્યાં ન હોય. (પ્ર. ૪) મ્યુનિસિપાલીટીનો કારભાર કેવી રીતે ચાલે છે ? ઉ. સરકાર તરફથી નિમાયલા અને પ્રજા તરફથી ચુંટી કઢાયલા સભાસદોથી. (પ્ર. ૫) એ સભાસદો શા નામથી ઓળખાય છે ? ઉ. કમિશનર. (પ્ર. ૬) મ્યુનિસિપાલીટીમાં સૌથી ઉપરી કોણ અને તેને મદદ કરવાને કોણ કોણ હોય છે ? ઉ. પ્રેસિડન્ટ અને તેને મદદ કરવાને કમિશનર, ચીફ ઓફિસર, સેક્રેટરી, ઇન્સ્પેક્ટરો ને કારકુનો વગેરે.

લોકલફંડ ખાતું—(પ્ર. ૧) લોકલફંડ ખાતું શું શું કામ કરે છે ? ઉ. કુવા, તળાવ, રસ્તા, વધારે બાંધવાનું થતા સમરાવવાનું અને કેળવણી આપવાનું. (પ્ર. ૨) લોકલફંડ ખાતાનો ખરચ શી રીતે ચાલે છે ? ઉ, સરકાર જમીન ઉપર જે મહેસુલ લે છે. તે પર દર રૂપીએ એક આનો લોકલફંડનો વધારો લે છે તેમાથી ચાલે છે. (પ્ર. ૩) લોકલફંડનો વહીવટ કરનાર મંડળને શું કહે છે ? ઉ.

લોકલબોર્ડ. (પ્ર. ૪) લોકલફંડનો હિસાબ રાખનાર અધિકારીને શું કહે છે? ઉ. લોકલફંડ કલાર્ક.

પોસ્ટ ખાતું—(પ્ર. ૧) પોસ્ટખાતું શું કામ કરે છે? કાગળો, બુકપોસ્ટ, પારસલો તથા પૈસા એક ગામથી બીજે ગામ લઇ જવા લાવવાનું તથા પૈસા સાચવી તેનું વ્યાજ આપવાનું કામ કરે છે. (પ્ર. ૨) પોસ્ટ ઓફિસના ઉપરીને શું કહે છે? ઉ. પોસ્ટ માસ્તર. (પ્ર. ૩) પોસ્ટ માસ્તરને મદદ કરનાર કોણ કોણ હોય છે? ઉ. પોસ્ટ માસ્ટર, કારકુન, સિપાઇ, ટપાલી.

પરચુરણ—ઉપર સિવાય તારખાતું, જંગલખાતું, સરવૈખાતું, એગ્રિકલચર ખાતું, આબકારી ખાતું, કસ્ટમ ખાતું, નીમક ખાતુ, શીતળા ખાતું, રજીસ્ટર ખાતું વગેરે ઘણાં ખાતાં છે.

વ્યાખ્યા.

શેરી—સામસામી ઘરોની હાર હોય તે.

મહોલ્લો—ઘણી શેરી મળીને થએલો ભાગ.

પરૂ—શહેરનો પાછળથી વધેલો ભાગ.

ગામ—નાનાં નાનાં ઘણાં ઘરની વસ્તી હોય તે.

કસ્બો—તાલુકાનું સૌથી મોટું ગામ જેમાં ૫૦૦૦ કરતાં વધારે માણસની વસ્તી હોય તે.

શહેર—સારાં મોટાં બજારો, છોબંધ અને હારબંધ ઘણાં ઘરો હોય તે.

તાલુકો—ઘણાં ગામો મળીને થએલો ભાગ, જે મામલતદારના તાબામાં હોય છે તે.

જિલ્લો—કલેક્ટરના તાબાનો મુલક કે જેમાં ઘણા તાલુકા આવેલા

હોય છે તે.

બંદર—નદી કે દરીઆ કાંઠે આવેલું શહેર કે જ્યાંથી ઘણો માલ વહાણુ મારફતે આવ જા થતો હોય તે.

એજન્સિ—દેશી રાજાનો મુલક કે જે પોલિટિકલ એજંટના તાબામાં હોય છે તે.

પોલિટિકલ એજંટ—દેશી રાજ્યપર દેખરેખ રાખનાર સરકારી અધિકારી.

તળાવ—જેની ચારે બાજુ જમીન ને વચ્ચે પાણી હોય તે.

બેટ—જેની ચારે બાજુ પાણી ને વચ્ચે જમીન હોય તે.

પહાડ—જે ઘણાં ઉંચા તથા લાંબા પહોળા ટેકરા મળી થએલો હોય તે.

નદી—મીઠા પાણીનો રેલો પર્વત અથવા સરોવરમાંથી નીકળીને નિચાણુ જગાપર થઇ મોટી નદી અથવા દરીઆને મળે છે તે.

સમુદ્ર—ખારા પાણીનો ભાગ. આગબોટ વગેરેનો માલ લાવવા લઇ જવાનો ધોરી રસ્તો, કે નદીને મળવાનુ ઠેકાણું.

મીઠબંદર—મીઠું પકવવાને મુકરર કરેલી જગ્યા.

હવા ખાવાનું ઠેકાણું—જે જગાપર સારી ને ખુલ્લી હવા હોય તે. અથવા ડુંગરવાળી જગ્યા કે જ્યાં ચોકખી ને ઠંડી હવા આવે છે.

તીર્થસ્થળ—(જાત્રાનાં ઠેકાણાં) પવિત્ર જગા કે જ્યાં પુષ્કળ જાત્રાળુ આવતા હોય તે.

પેદાશ—ગામમાં કે શહેરમાં કે જિલ્લામાં થતો મુખ્ય પાક.

નિકાસ—બીજે દેશ જતી ચીજો.

આયાત (પરદેશથી આવતી ચીજો)—લોખંડ કામ, કાચ, કાપડ, ઈમારતી લાકડાં વગેરે.

ડ્રિલ માટે આપેલી સૂચના પહેલી ચોપડીના અર્થમાં જુઓ

ડમ્બેલ્સની ડ્રિલ.

દરેક રમત ૧૧ સુધી કરાવવી બારે ડમ્બેલ્સ પહેલાં મૂકેલા હતા તે પ્રમાણે મુકાવી દેવડાવવા.

હેતુ—છાતી તથા હાથના સ્નાયુ ખીલવવાનો.

રમત ૧૧) (૧) જમણો હાથ ઉંચો. (૨) જમણા હાથની મુઠી મોં તરફ લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૨) (૧) ડાબો હાથ ઉંચો. (૨) ડાબા હાથની મુઠી મોં તરફથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૩) (૧) જમણો હાથ ઉંચો (૨) જમણો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૪) (૧) ડાબો હાથ ઉંચો (૨) ડાબો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૫) બેઉ હાથ ઉંચા રાખવા (૧) જમણા હાથની મુઠી મોં તરફથી લઇ ફેરવી જમણો હાથ ઉંચો રાખવો. (૨) ડાબા હાથની મુઠી મોં તરફથી લઇ ફેરવીને ડાબો હાથ ઉંચા રાખવા.

રમત ૧૬) બેઉ હાથ ઉંચા રાખવા (૧) જમણો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો. (૨) ડાબો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૭) બેઉ હાથ ઉંચા. (૧) જમણો હાથ માથા ઉપરથી

મોં તરફથી લઇ ફેરવીને ઉંચો રાખવો. (૨) ડાબો હાથ માથા ઉપરથી મોં તરફથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૮) (૧) બેઉ હાથ સામા લાંબા મુઠ્ઠીઓ જમીન તરફ. (૨) બેઉ હાથ બગલ આગળ લાવવા કોણીઓ પાછલી તરફ.

રમત ૧૯) (૧) બેઉ હાથ સામા લાંબા મુઠ્ઠીઓ જમીન તરફ. (૨) બેઉ હાથ પાછળ લાંબી મુઠ્ઠીઓ આકાશ તરફ.

રમત ૨૦) બે પગ વચ્ચે એક ફુટનું અંતર રાખવું. (૧) બેઉ હાથ ઉંચા (૨) બેઉ હાથ પગનાં આંગળાં આગળ.

પાઠવાર જોડાક્ષરો તથા અઘરા શબ્દો.

પરમેશ્વર	વટેમાર્ગુ	ભક્તિ	ધર્મશાળા	પૃથ્વી
બતાવ્યું	બાંધ્યું	ચંદ્રમા	સરજ્યાં	ચંદ્ર
ધ્યાન	રહ્યા	પ્રભુ	પર્વ	શ્રાવણ
વસ્ત્ર	ત્રીસ	ચૈત્ર	કાઢયો	દ્રાક્ષ
રસ્તે	મળ્યો	ચાલ્યાં	પિત્તળ	લક્કડ
દોસ્ત	ભાગ્યશાળી	કૂકડ	સજ્જડ	પ્રેમ
ડાહ્યો	કહ્યું	પૂછ્યું	ત્રણે	મહીના
ઝાલ્યો	વિદ્યા	મસ્તી	પુત્ર	શીખ્યો
વિચાર્યું	ચઢ્યું	પહોંચાડયો	માર્યો	જક્કી
બચ્યું	પ્રાણી	અણજાણ્યું	સમજાવ્યું	ઉંઘ્યા
ફાવ્યો	પહોંચ્યું	માંડયું	આણ્યું	પસ્તાયો
મુદ્દલ	ઊઠયો	કર્યો	પહેર્યો	બીડયો

મુદ્દો	યત્ન	ચકભિલ્લુ	ચક્કર	કચ્છ
પ્રમાણે	ઠર્યા	કિલ્લો	ઉઠાડયો	દઢ
મિત્ર	બોલ્યો	જાગ્યો	પાળ્યું	અર્ધું
ધાન્ય	ભાંગ્યું	દોડયો	કાઢ્યો	કલેશ
કદા	બાંધ્યો	રામચંદ્રજી	શ્રીરામ	કૌશલ્યા
પ્રધાન	જંત્ર	દર્પણ	નિંદ	ઇચ્છા
ધર્યા	માર્યા	ગણકાર્યું	સર્વ	વળ્યું
મંગાવ્યા	ગુસ્સો	વિદ્યાર્થીઓ	મૂર્ખ	ભક્ત
ઇશ્વર	નાખ્યું	માર્યો	પસ્તાઇ	ગાર્ડ
કેળવ્યો	સ્ટેશન	સોંપ્યો	પાળ્યો	નવાડયો
ત્રીજાએ	જણાવ્યું	બ્રાહ્મણ	ફેંકયું	સાંભળ્યો
ચોકખું	જડયું	ગુમાવ્યું	ઉંચકયો	ખુલ્લું
બગાડયું	ડર્યો	નિહાળ્યું	હલાવ્યું	ભુખ્યા
લજવ્યું	વળ્યું	ઝાલ્યું	ભર્યાં	ભઠ્ઠી
રડયું ખડયું	આપકર્મી	બાપકર્મી	પ્રાર્થના	તીર્થના
દુશ્મન	પરણાવ્યો	છોડયું	મધ્યમાં	લશ્કર
ફેંકયો	ભેટયો	ચર્યો	ફુલાવ્યું	હંમેશાં
ભૂંસ્યો	ધ્રૂજતો	ધ્રૂજે	પહેર્યો	સ્ત્રી
જીત્યો	પુષ્કળ	સરજાવ્યાં	સૂર્ય	પલ્લવ
સ્હોય	વનસ્પતિ	પશ્ચિમ	ઉત્તર	સાસ્તર
સ્લેટ	વિજ્યા	ભૂસી	વચ્ચે	શીખ્યો

મુકાવ્યું	ક્યારડા	વર્ગ	વળ્યા	લહેણું
ઈશ્વરલાલ	બતાવ્યું	બંદોબસ્ત	ડાકતર	ખેડયું
લક્ષ્મણ	નિર્દય	છિદ્રો	સિક્કા	અત્તર
ઊગ્યું	ગુચ્છા	ટટ્ટુ	ઉત્તમ	આજ
કુક્કર	તત્કાળ	ઉદ્યોગ	વસ્તુ	પ્રીતિ
ટટ્ટી	નક્કર	સ્વાદ	છુટ્ટા	વત્તા
બાસ્તો	કરાવ્યા	ગવૈયા	તિથિ	પખવાડીઆં
સરૈયા	નિશાન	અટકાવ્યાં	ઓસડવેસડ	શિકારી
અભાગીઉ	વિઆય	ગોંધતો	રિસાય	ઢોંગ
ભાગ્યે	પાટલુન	અનંત	નિરાધાર	ભૂલથાપ
ટપોટપ	પેંતરા	બહાદુરી	ગેંડીદડા	કુટુંબ
સોહામણી	અંગેઠી	ઢીંગલી	સહીઅરો	સંતામે
વિવાહ	નિદ્દે	ખેંચતાણ	બળવંતા	ઝોડઝપટ
માદળીઉં	જંતરમંતર	ભાંગીતૂટી	કચરોપુંજો	હડફાળા
સરનામું	સિસોટી	મિનિટ	સંદેશા	ઢીમણું
ઢોરડું	હિંચોળે	કરજંદ	નીમણુંક	ચીતરામણ
હોશિયાર	ઢેકા	કિનારે	દાનત	ગોળમટોળ
ચટાપટા	શિખામણ	સંપત	ખૂબસુરત.	બરદાસ
દુઃખ	ખડખડાટ	દુબળા	સંકટ	પારધી
શીંગડા	જરદી	ધગધગતી	સિંહ	પિઅર
ટાંકણું	ઓચિંતી	રાજપાટ	પ્રમાણે	તડંગધુમ
ચઢાઉ	ઉપરાંત	આહુકાર	તળાવડી	શેલો
ખંતીલા	અંગુઠીઆ	ડુંકડું	જગપતિ	મહિમા

દિશા	કસરતશાળા	આથમણી	દક્ષિણ	વિશેષ
ખુરસી	નિચાણ	અધિકારી	હુંડી	સેકન્ડ
જંતુ	વિષે	કોથળો	કથરોટ	ચંપુ
તાંબાકુંડી	ટંકશાળ	તાંબું	ચળકાટ	ભજાગરાં
શિરોઇ	થાળી	લોટા	ખુજળી	સુપડા
ઝીંઝવો	કુંપેલ	સુંવાળા	તમાકુ	સુગંધ
પાંદડાં	સળંગ	સેંકડો	રાતડીઆ	મહીકાંઠા
ઢેબરાં	હળપુણી	ધુસરી	સંતોષ	કૌવત
કોઠ	ભોંય	અથાણું	ચટણી	ફુલ
પાકટ	વેંત	તાવડા	શિઆળવાં	હિસાબ
સફેદ	ધઉં	રક્ષણ	મધપુડો	ઈંડાં
આળસુ	જીવડાં	ચીકટ	ભિખારી	ભિંજાતું
દાઢ	આંગળાં	નિર્મળ	ખુણેખોચરે	નુકસાન
દાબડો	નીમકહલાલ	સંવાળા	ભુસું	શરત
નાળબંધ	અડીઅલ	ગધેડુ	ભૂકે	પુછડી
સુરજ	રાંઢા	સંબધી	ટેકડા	ઉદેસીંગ